

ગુરુદેવ ! અવિનય કંઈ થયો, અપરાધ કંઈ પણ જે થયા,
કરજો ક્ષમા અમ બાળને, એ દીનભાવે યાચના.

મન–વચન–કાય થકી થયા જાણ્યે–અજાણ્યે દોષ જે,
કરજો ક્ષમા સૌ દોષની, હે નાથ! વિનવું આપને.

કહાન સંવત–૧૨ □ (૫૭૫) ❋ આત્મધર્મ ❋ (અંક–૩ વર્ષ–૪૮) □ વીર સં. ૨૫૧૭ સપ્ટેમ્બર, ૧૯૯૧

## પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના

# * મંગલ હૃદયોદ્‍ગાર *

[ ટેપમાંથી કેટલાંક અવતરણો ]

તા. ૨૩-૮-૮૭

રસિકભાઈ : (હિંમતભાઈ) પંડિતજીને ૮૦ વર્ષ થઈ ગયાં; હવે એમ થાય છે કે અમે તેમના વિષે આપની પાસેથી કંઈક જાણીએ.

પૂજ્ય માતાજી (બહેનશ્રી ચંપાબેન) : ગુરુદેવે કહ્યું છે ને કે 'નિકટ મોક્ષગામી છે'—એમાં બધું આવી ગયું. એમની અંતરપરિણતિ ને બધું જુદું છે; નજીક છે, સમ્યક્ત્વસન્મુખ પરિણતિ છે, અંદરથી આત્માની રુચિ છે.

રસિકભાઈ : ૧૭-૧૮ વર્ષની ઉંમરે (પંડિતજીએ) ગુરુદેવને પ્રશ્ન પૂછ્યો હતો ને?

પૂ૦ માતાજી : એક વાર એમ પૂછ્યું હતું કે—આ બધું તમે કહો છો તે અનુભવથી કહો છો કે યુક્તિ ને શાસ્ત્રના આધારે કહો છો?

રસિકભાઈ : ગુરુદેવે શો જવાબ આપ્યો?

પં૦ હિંમતભાઈ : "જે કહીએ છીએ તે બધું યથાતથ બરાબર છે, એમાં કાંઈ ફેર નથી." (—એમ ગુરુદેવે કહ્યું હતું).

પૂ૦ માતાજી : "છૂટાય છે, છૂટી શકાય છે"—એમ કંઈક (ગુરુદેવ) બોલતા હતા.

હીરાભાઈ : ભાઈ-બહેનની વાતમાંથી કંઈક કહો ને.

પૂ૦ માતાજી : (હિંમતભાઈ) સાચું શું છે તે નક્કી કરતા. મતમતાંતરની બધી વાતો કરતા. જૈન દર્શન સાચું કઈ રીતે માનવું તે વિચાર કરતા હતા. હું પણ તે જાતના વિચાર કરતી; પણ મને એમ થાય કે સાચું આ જ છે. (અમે ભાઈ-બહેન) ગુરુદેવ પાસે સાંભળ્યું હોય તે વાતો કરીએ. આમ ને આમ સંસાર ચાલ્યો જાય છે, ભવનો અભાવ ક્યારે થશે? આવી—આ જાતની વાતો કરતા હતા. ...નાની ઉંમર હતી; પંદર ગયાં, અઢાર ગયા, વર્ષો જતાં શી વાર લાગશે? (અંદર કામ) કેમ થતું નથી? તત્ત્વચર્ચા હિંમતભાઈ સાથે કરતી. એમને એટલો વૈરાગ્ય! મને પણ એટલો વૈરાગ્ય. એમનું જે હોય તે બધું આત્માર્થે જ હોય. એમનું આદર્શપણું! આત્મા! ને ઊંડી આત્માર્થિતા! ...વિચારથી બધું નક્કી કરતા.

*

[ અનુસંધાન માટે જુઓ પાનું ૨૯ ]

તંત્રી
સંવત-૧૧
વર્ષ-૪૮
અંક-૩
[ ૫૭૫ ]




વીર
સંવત
૨૫૧૭
સં. ૨૦૪૭
SEP.
A.D. 1991

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# * દસ ધર્મોનું સ્વરૂપ *

[ પર્યુષણપર્વ પ્રસંગે શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન ]

ઉત્તમક્ષમા, માર્દવ, આર્જવ, સત્ય, શૌચ, સંયમ, તપ, ત્યાગ, આકિંચન્ય અને બ્રહ્મચર્ય એવા દસ પ્રકારના મુનિધર્મ છે. મુનિપણા વિના કોઈનો મોક્ષ થતો નથી. અરિહંતના સ્વરૂપનું વર્ણન કરતાં મોક્ષમાર્ગપ્રકાશ પૃષ્ઠ બેમાં કહેલ છે કે ગૃહસ્થપણું છોડી, મુનિધર્મ અંગીકાર કરી નિજસ્વભાવસાધન વડે ચાર ઘાતિ કર્મોનો ક્ષય કરી અનંતચતુષ્ટયરૂપે બિરાજમાન થાય છે.

અહીં આ એક લીટીમાં ગૃહસ્થાશ્રમમાં મુનિપણું હોય નહિ અને વસ્ત્રપાત્રવાળા મુનિ હોય નહિ એમ સિદ્ધ કરે છે. પંદરભેદે સિદ્ધ થાય તે વાત ખોટી છે. કેમકે ગૃહસ્થપણું છોડીને, મુનિપણું ગ્રહણ કરે છે એમ કહ્યું છે. નિજસ્વભાવ સાધનવડે અરિહંત થાય છે એમ અરિહંતની ઓળખાણ પ્રથમથી જ સમ્યગ્દષ્ટિ કરે છે. અન્યમતીનો વેષ હોય અને કેવળજ્ઞાન થાય એમ બને નહિ. હાથીના હોદ્દે સ્ત્રીને કેવળજ્ઞાન થાય નહિ. કેવળજ્ઞાન નિજસ્વભાવસાધન વડે જ થાય છે એમ ગૃહસ્થાશ્રમમાં નિર્ણય કરવો જોઈએ. અનાદિ સત્યમાર્ગનો એક જ પ્રકાર અને નિયમ છે. ગૃહસ્થાશ્રમ છોડી, મુનિપણું લઈ, છઠ્ઠા-સાતમા ગુણસ્થાને વર્તે છે તેમાં છઠ્ઠે ગુણસ્થાને મુનિને કેવો વિકલ્પ હોય છે એનું વર્ણન કરે છે.

પ્રથમ ઉત્તમક્ષમાની વાત કરે છે. સ્વભાવનો અંતર આશ્રય હોવાથી કર્મનો ઉદય ગમે તેવો હોય તોપણ મુનિને કષાયભાવ થતો નથી કેમકે મુનિ ક્ષમાનો ભંડાર છે.

# * ઉત્તમ ક્ષમા ધર્મ *

અર્થ:—જે મુનિ દેવ-મનુષ્ય-તિર્યંચાદિ દ્વારા રૌદ્ર-ભયાનક ઘોર ઉપસર્ગ થવા છતાં પણ ક્રોધથી તપ્તાયમાન ન થાય તે મુનિને નિર્મલ ક્ષમા હોય છે. ૩૯૪.

મુનિને ચાર પ્રકારના ઉપસર્ગનો સંયોગ હોય છે. અગ્નિમાં બાળે, પાણીમાં ઝબોળે વગેરે હોય છે પણ એમનો આત્મા ચિદાનંદ અમૃતસાગરમાં રસબોળ હોય છે અને અંતરસ્થિરતામાં શાંતિના શેરડા આવવાથી તેમને ક્રોધ થતો નથી. અમારા કર્મનો ઉદય છે માટે આવા સંયોગો છે એવો વિકલ્પ પણ મુનિને થતો નથી તે ઉત્તમક્ષમા છે; તે તો સાધકદશામાં શુદ્ધિની વૃદ્ધિ કરી રહ્યા છે, તેમને રોકનાર જગતમાં કોઈ પદાર્થ નથી.

ભાવાર્થ:—મુનિઓ પોતાના સ્વરૂપ સાધન વડે, પૂર્ણ શુદ્ધિ કરીને મોક્ષમાં જાય છે, તેવા ઉત્તમક્ષમાધારી મુનિઓનાં દૃષ્ટાંતો હવે કહે છે.

શ્રીદત્તમુનિ વ્યંતરદેવકૃત ઉપસર્ગને જીતી કેવળજ્ઞાન ઉપજાવી મોક્ષ ગયા. શ્રીદત્ત-મુનિ પોતે ગૃહસ્થાશ્રમમાં રાજા હતા અને તે તેમની રાણી સાથે રમત રમતા હતા. તે વખતે તેમનો એક પોપટ હતો. તેને રાણી ઉપર પ્રેમ હતો. તેથી રાણી જીતે ત્યારે તે બે લીટી કરે અને રાજા જીતે ત્યારે એક લીટી કરે. આ વાતની રાજાને ખબર પડી એટલે કષાય આવવાથી પોપટની ડોક મરડીને તેને મારી નાખ્યો. તે વ્યંતર થયો અને રાજાએ જ્યારે ગૃહસ્થાશ્રમ છોડી દીક્ષા લીધી ત્યારે તેણે ઉપસર્ગ કર્યો પણ મુનિ તો પોતાના શાંત સ્વભાવમાં ઝૂલી રહ્યા છે. શાંતિના શેરડાપૂર્વક પૂર્ણ શુદ્ધિ કરી મુક્તિને પામ્યા છે. કોઈ કહે કે અહિંસાને લઈને સામાને વેર ન ઉલ્લસે તે વાત ખોટી છે. બહારમાં તો પુણ્યનો યોગ હોય તો પ્રતિકૂળ સંયોગો ન હોય નહિતર ઉપસર્ગ પણ હોય. મુનિને પૂર્ણ અહિંસાના પરિણામ છે છતાં ઉપસર્ગ બહારમાં ટાળી શકે નહિ. પણ પોતામાં વીતરાગતા કરી મોક્ષ પ્રાપ્ત કરે છે.

ચિલાતીપુત્રમુનિ વ્યંતરકૃત ઉપસર્ગને જીતી સર્વાર્થસિદ્ધિ ગયા. પૂર્વના વેરી વ્યંતરદેવે કીડીઓ કરીને ઉપસર્ગ આપ્યો, પણ મુનિએ ક્રોધ કર્યો નહિ. આત્માના સ્વભાવમાં લીન રહ્યા અને શુદ્ધિની વૃદ્ધિ કરીને દેવ થયા.

સ્વામીકાર્તિકેય કે જેઓ આ ગ્રંથના કર્તા છે તે મુનિ ક્રૌંચરાજાકૃત ઉપસર્ગ જીતી દેવલોક ગયા. સ્વામીકાર્તિકના પિતા હતા તે પોતાની માતાના પણ પિતા હતા. તે પોતાની પુત્રીને પરણ્યા હતા. એક વખત રાજકુમાર કહે છે કે માતાજી બીજા બધાને મોસાળમાંથી ભેટ આવે છે અને મારે કેમ કાંઈ આવતું નથી? મારું મોસાળ ક્યાં છે? ત્યારે તેની માતા રૂદન કરે છે કે અરે પુત્ર! એ વાત કહી જાય એમ નથી. આ તારો બાપ તે જ મારો બાપ છે. આ વાત સાંભળી રાજકુમારને વૈરાગ્ય થાય છે. અહો ધિક્કાર છે આ

સંસારને! એમ વિચારી પોતે દીક્ષા લે છે. જંગલમાં જાય છે. એક વખત પોતે પોતાની બેનના ગામમાં જાય છે ત્યાં ગોખ ઉપરથી મુનિને જોઈ નીચે આવી પોતાનો ભાઈ અને વળી મુનિ છે તેથી બેન વંદન કરે છે. આ અજાણ્યા નગ્ન પુરુષને વંદન કરતાં જોઈને તેનો ધણી ક્રૌંચરાજા ગુસ્સે થાય છે અને મુનિને ઘણો પ્રહાર કરે છે. ત્યારે મુનિની મા જે મરીને વ્યંતર થઈ હતી તે આવીને મુનિને ત્યાંથી લઈ જાય છે. મુનિ સમાધિમરણ કરી દેવલોકમાં જાય છે. આ મુનિ બે હજાર વર્ષ પહેલાં થઈ ગયા છે. ક્ષમાની મૂર્તિ હતા. ક્રોધનો અંશ ન હતો. સાધકદશામાં હતા, શુદ્ધિની વૃદ્ધિ કરતા હતા.

ગુરુદત્તમુનિ કપિલ બ્રાહ્મણકૃત ઉપસર્ગને જીતી મોક્ષ ગયા. શ્રી ધન્યમુનિ ચક્રરાજકૃત ઉપસર્ગને જીતી કેવળજ્ઞાન ઉપજાવી મોક્ષ ગયા. પાંચસો મુનિ દંડકરાજકૃત ઉપસર્ગને જીતી સિદ્ધિને પામ્યા. ચાણક્યાદિ પાંચસો મુનિ મંત્રીકૃત ઉપસર્ગને જીતી મોક્ષ ગયા. રાજકુમારમુનિ પાંશુલશ્રેષ્ઠિકૃત ઉપસર્ગને જીતી સિદ્ધિને પ્રાપ્ત થયા. સુકુમાલમુનિ શિયાલણીકૃત ઉપસર્ગને સહન કરી દેવ થયા. શ્રેષ્ઠિના બાવીસ પુત્રો નદીના પ્રવાહમાં પદ્માસને શુભ ધ્યાન કરી મરીને દેવ થયા. સુકૌશલમુનિ વાઘણકૃત ઉપસર્ગને જીતી સર્વાર્થસિદ્ધિ ગયા તથા શ્રીપણિકમુનિ જળનો ઉપસર્ગ સહીને મુક્ત થયા.

આ રીતે મુનિઓએ દેવ–મનુષ્ય–પશુ અને અચેતનકૃત ઉપસર્ગ સહન કર્યા છતાં ત્યાં ક્રોધ ન કર્યો, તેમને ઉત્તમક્ષમા હતી. આત્મા ક્ષમાની મૂર્તિ છે એવા સ્વભાવનું ભાન તો પહેલેથી જ છે અને એમાં લીન થતાં કષાયની ઉત્પત્તિ થતી નથી તે ઉત્તમ ક્ષમા છે. એ પ્રમાણે ઉપસર્ગ કરવાવાળા ઉપર પણ ક્રોધ ન ઊપજે તે ઉત્તમ ક્ષમા છે.

ક્રોધનું નિમિત્ત આવતાં મુનિ એવું ચિંતવન કરે કે જો કોઈ મારા દોષ કહે છે તે જો મારામાં વિદ્યમાન છે તો તે શું ખોટું કહે છે? એમ વિચારી ક્ષમા કરવી, કેમકે હું તે દોષને જાણું છું, તે દોષ તેણે કહ્યા માટે અમે બન્ને મિત્ર થયા તેથી તેના ઉપર ક્રોધ કરવાનો રહેતો નથી. વળી જો મારામાં દોષ નથી તો એ જાણ્યા વિના કહે છે ત્યાં અજ્ઞાન ઉપર કોપ શો કરવો? એમ વિચારી ક્ષમા કરવી. અજ્ઞાનીનો તો બાળસ્વભાવ ચિંતવવો એટલે બાળક તો પ્રત્યક્ષ કહે છે અને આ તો પરોક્ષ જ કહે છે એટલો આ ભલો છે, એમ જાણીને ક્ષમા કરવી. આ બધા ઉપદેશનાં વાક્યો છે. વસ્તુસ્થિતિ બીજી હોય છે. ઉત્તમ ક્ષમામાં આવા વિકલ્પોની ઉત્પત્તિ જ હોતી નથી.

વળી કોઈ પ્રત્યક્ષ કુવચન કહે તો આમ વિચારવું કે બાળક તો તાડન પણ કરે અને આ તો કુવચન જ કહે છે, તાડતો નથી એ જ ભલું છે. વળી જો તાડન કરે તો આમ વિચારવું કે બાળક અજ્ઞાની તો પ્રાણઘાત પણ કરે અને આ તો માત્ર તાડન જ કરે છે પણ પ્રાણઘાત તો નથી કર્યો? એ જ ભલું છે. વળી પ્રાણઘાત કરે તો આમ વિચારવું કે અજ્ઞાની તો ધર્મનો પણ વિધ્વંસ કરે છે અને આ તો પ્રાણઘાત કરે છે પણ ધર્મનો

નાશ તો કરતો નથી? વળી વિચારે છે કે મેં પૂર્વે પાપકર્મ ઉપજાવ્યાં તેનું આ દુર્વચનાદિ ઉપસર્ગ ફળ છે, આ મારો જ અપરાધ છે, બાકી અન્ય નિમિત્તમાત્ર છે, ઇત્યાદિ ચિંતવન કરતાં ઉપસર્ગ આદિના નિમિત્તથી ક્રોધ ઉત્પન્ન થતો નથી અને ઉત્તમ ક્ષમાધર્મ સધાય છે.

એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી તો કોઈ સંયોગના કારણે ક્રોધ થાય એમ છે જ નહિ. કર્મના કારણે અને અપરાધના કારણે સંયોગ મળ્યો એમ કહેવું તે નિમિત્તનું કથન છે. ક્રોધ કરવો નહિ તે પણ ઉપદેશનું કથન છે. આવા ભાન સહિત આત્મામાં લીનતા થતાં ઉપસર્ગ વખતે કષાયની ઉત્પત્તિ જ થતી નથી તે ઉત્તમ ક્ષમા છે.

હવે આગળ ઉત્તમ માર્દવધર્મને કહે છે.

## * ઉત્તમ માર્દવધર્મ *

અર્થ:—જે મુનિ ઉત્તમજ્ઞાનથી તો પ્રધાન હોય તથા ઉત્તમ તપશ્ચરણ કરવાનો જેનો સ્વભાવ હોય તોપણ જે પોતાના આત્માને મદરહિત કરે–અનાદરરૂપ કરે તે મુનિને ઉત્તમ માર્દવધર્મરત્ન હોય છે. ૩૯૫.

તપનો અર્થ દીક્ષા થાય છે. મુનિપણું લઈને બાર બાર મહિનાના ઉપવાસ કરે અને અંતર શાંતિમાં રહે છે. તે એમ વિચારે છે કે ક્યાં કેવળજ્ઞાન અને ક્યાં મારી પર્યાય! એમ જાણી પર્યાયમાં પામરતા માને છે તેથી તેને અભિમાન થતું નથી. મુનિ ચિંતવન કરે છે કે ગણધર સંતોને બાર અંગ અને ચૌદપૂર્વનું જ્ઞાન હોય છે. બે ઘડીમાં બાર અંગની રચના કરે એવી ગણધરની દશા વિચારીને પોતાને નીચો જાણે છે, તેથી મદ થતો નથી. ધવલની ટીકા કરનાર આચાર્ય અગાધ જ્ઞાનના દરિયા હતા છતાં તે જ્ઞાન પણ કેવળજ્ઞાનના અનંતમે ભાગે છે, હું અલ્પજ્ઞાનનો ધારક છું, એમ નિર્માનતા કરે છે. સંત મુનિઓને એક વાંચણી આપે તો કંઠાગ્રે થઈ જાય, એવા કુશાગ્ર બુદ્ધિવાળા હતા. અત્યારે તો વારંવાર ગોખે તોપણ ધારણા થાય નહિ. માટે અલ્પ ઉઘાડનું અભિમાન જ્ઞાનીને હોતું નથી. મુનિઓને અગાધ જ્ઞાન હોવા છતાં સ્વભાવની ઉગ્રતામાં તે જ્ઞાનનું માન થતું નથી.

ભાવાર્થ:—સકળ શાસ્ત્રને જાણવાવાળો પંડિત હોય તોપણ તે જ્ઞાનનો મદ ન કરે. અવધિજ્ઞાન વડે કોઈકે લખેલાં શાસ્ત્રોને જાણે એવી તાકાત પ્રગટી હોય પણ જ્ઞાનનો મદ કરે નહિ, અને મનઃપર્યયજ્ઞાનમાં કોને, કયા કાળે વિચાર થશે તે પણ જાણી લે. ક્રમબદ્ધપર્યાય છે. ભવિષ્યમાં શું થવાનું છે તેનું પણ જ્ઞાન થાય કેમકે એમ જો જ્ઞાન ન થાય તો એક પણ જ્ઞાન સિદ્ધ થશે નહિ. મુનિ કેટલા દિવસનું આયુષ્ય બાકી છે તે પણ કહે. રાજકુમારને ત્રણ દિવસનું આયુષ્ય બાકી છે એમ કહેલ અને તે સાંભળી દીક્ષા

લીધી છે. રાજકુમારનું માખણના પિંડા જેવું શરીર છે, પગમાં કાંકરી વાગે પણ જાણે છે કે જે સમયે જે સંયોગ થવાનો તે થવાનો, એ ફરે નહિ. એમ ક્રમબદ્ધની શ્રદ્ધાપૂર્વક સ્વભાવની રુચિ કરે છે, પરની રુચિ છોડી દે છે. જ્ઞાનીને સ્વભાવનો મહિમા આવે છે થોડું જ્ઞાન હોય પણ સમ્યગ્જ્ઞાન હોય તો તે કેવળજ્ઞાનનું કારણ થાય છે. તેનો જ્ઞાનીને મદ થતો નથી.

વળી મુનિ ઉત્તમ તપ કરે તોપણ તેનો મદ ન કરે. લૂખો આહાર કરે, કોઈ વખત આહાર ન મળે તો વિકલ્પ તોડી નાખે. આવી દશા થઈ હોય છતાં એનો મદ જ્ઞાનીને થતો નથી. જ્યાંસુધી શુકલધ્યાનરૂપી મહાન તપ નથી ત્યાંસુધી અધૂરો છું એમ જાણી તપનો મદ મુનિને થતો નથી એ ઉત્તમ માર્દવધર્મ છે. ધર્મી જાતિનો મદ કરતો નથી. ધર્મીને માતા-પિતાની જાતિથી ઓળખાવવો તે બરાબર નથી કેમકે આત્માની જાતિ તો સર્વજ્ઞની છે. આત્મા માતા-પિતાની જાતિમાં જન્મતો નથી. માટે મુનિને જાતિ મદ થતો નથી. મુનિને કુળનો મદ થતો નથી. શરીરના બળનો મદ ધર્મી કરતો નથી, વિદ્યાનો મદ મુનિ કરતા નથી. કૃષ્ણના પુત્ર શ્રી પ્રદ્યુમ્નકુમારે ઘણી વિદ્યા સાધી હતી પણ તેમને વિદ્યાનો મદ ન હતો, તે તો સમજે છે કે અમો આત્માની વિદ્યાના સાધનાર છીએ. આત્મામાં મદ છે જ નહિ. તેથી મુનિ વિદ્યાનો મદ કરતા નથી. તે ઉત્તમ માર્દવધર્મ છે.

## * ઉત્તમ આર્જવધર્મ *

અર્થ:—જે મુનિ મનમાં વક્રતા ન ચિંતવે, કાયાથી વક્રતા ન કરે, વચનથી વક્રતા ન બોલે તથા પોતાના દોષોને ગોપવે નહિ—છૂપાવે નહિ તે મુનિને ઉત્તમ આર્જવધર્મ હોય છે. ૩૯૬.

ભાવાર્થ:— મન-વચન-કાયામાં સરળતા હોય અર્થાત્ જે મનમાં વિચારે તે જ વચનથી કહે અને તે જ કાયાથી કરે પણ બીજાને ભૂલવણીમાં નાખવા-ઠગવા અર્થે વિચાર તો કાંઈ કરવો અને કહેવું બીજું તથા કરવું વળી કાંઈ બીજું ત્યાં માયાકષાય પ્રબળ હોય છે. મુનિ એવું ન કરે પણ નિષ્કપટ બની પ્રવર્તે, પોતાનો દોષ છૂપાવે નહિ પણ જેવો દોષ હોય તેવો બાળકની માફક ગુરુની પાસે કહે ત્યાં ઉત્તમ આર્જવધર્મ છે.

પોતાનું માન કે બડાઈ રાખવા માટે કાંઈનું કાંઈ બીજાને સમજાવે એવી વક્રતા મુનિને હોય નહિ-ગુરુની પાસે પોતાનો દોષ જાહેર કરે પણ પોતે સમજે છે કે રાગના કાળે રાગ આવ્યો છે. ક્રમબદ્ધની શ્રદ્ધા હોવા છતાં ભૂમિકાના પ્રમાણમાં રાગ હોય છે તેનું સહજ જ્ઞાન વર્તે છે. છઠ્ઠી ભૂમિકામાં આવી વિચારશ્રેણી હોય છે, એમાં ફેર પડતો નથી. આ માર્ગ સરળ, સુગમ અને સહજ છે, તેથી મુનિને કૃત્રિમતા હોતી નથી, તે ઉત્તમ આર્જવધર્મ છે.

હવે, આગળ ઉત્તમ શૌચધર્મને કહે છે-આમાં ઝીણી વાત છે તે કહેશે:—

## * ઉત્તમ શૌચધર્મ *

અર્થ:—જે મુનિ સમભાવ અર્થાત્ રાગ-દ્વેષરહિત પરિણામ અને સંતોષ એટલે સંતુષ્ટભાવરૂપ જળથી તૃષ્ણા અને લોભરૂપ મળસમૂહને ધોવે છે, ભોજનની ગૃદ્ધિ અર્થાત્ અતિ ચાહનાથી રહિત છે તે મુનિનું ચિત્ત નિર્મળ છે, અને તેને ઉત્તમ શૌચ-ધર્મ હોય છે. ૩૯૭.

અહો! મુનિને શાંતિના શેરડામાં અકષાયભાવ પ્રગટયો છે. તેથી તે લોભને થવા દેતા નથી. જેમ કોઈ પુરુષ ખાઈને બેઠો હોય તો ગમે તેવું મિષ્ટભોજન આપે તો પણ તેને ખાવાની ઇચ્છા થતી નથી, તેમ મુનિને એક શુદ્ધ આહાર લેવા સિવાયની બીજી ઇચ્છા હોતી નથી. અને આહારમાં પણ ગૃદ્ધિનો ભાવ મુનિને સહજ હોતો નથી. મુનિ ભિક્ષાર્થે નીકળે તે વખતે ચકલીની ચરક પડે તો વિચાર કરે કે અમો અમૃતના કુંડમાં નહાવા નીકળ્યા તેમાં આ કેમ? એકદમ આહારની વૃત્તિને તોડી નાખે છે અને નિર્વિકલ્પ શાંતિનો ખોરાક ખાય છે. સમયસારમાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બતાવતાં મુનિને માત્ર આધા કર્મી આહારની વાત લીધી છે એ સિવાય બીજી વાત લીધી નથી. જેમ શરીરમાં મેલ હોય અને ગંગાના પાણીથી ધોઈ નાખે એમ મુનિ નિર્મળ ઉપશમરસના સ્નાનથી લોભને ધોઈ નાખે છે એટલે કે લોભને પ્રગટ થવા દેતા નથી એ ઉત્તમ શૌચધર્મ છે.

ભાવાર્થ:—તૃણ કાંચનને સમાન જાણવું તે સમભાવ છે તથા સંતોષ-સંતુષ્ટપણું-તૃપ્તભાવ અર્થાત્ પોતાના સ્વરૂપમાં જ સુખ માનવું એવા ભાવરૂપ જળથી ભવિષ્યમાં મળવાની ચાહનારૂપ તૃષ્ણા તથા વર્તમાન પ્રાપ્ત દ્રવ્યાદિકમાં અતિ લિપ્તપણારૂપ લોભ એ બન્નેના ત્યાગમાં અતિ ખેદરૂપ મળને ધોવાથી મન પવિત્ર થાય છે. મુનિને તૃષ્ણા કે લોભ થતો નથી કેમકે પહેલેથી એટલો તો રાગ છોડયો છે. આહારના ગ્રહણમાં પણ તીવ્ર ચાહના મુનિ રાખે નહિ. લાભ-અલાભ, સરસ-નીરસમાં સમભાવ રાખે તો ઉત્તમ શૌચધર્મ હોય છે.

કોઈ મુનિ અવધિજ્ઞાની પણ હોય છે. અમુક જગ્યાએ નિધાનનાં ચરૂ હારબંધ પડયાં છે તેવું જ્ઞાનમાં જણાય પણ હું કોઈ શ્રાવકને બતાવું એવો વિકલ્પ પણ મુનિને આવે નહિ. મુનિ તો "અણગારે જાયા" છે. જેમ ઇંડાનો બે વખત જન્મ છે, તેમ મુનિનો એક વખત માતાના ઉદરથી જન્મ થયો અને અણગારપદ તે બીજો જન્મ છે. તેમને આહાર લેવાની વૃત્તિ સિવાય બીજી વૃત્તિ હોતી નથી છતાં તે તીવ્ર હોતી નથી. આનંદનો ખોરાક લેનારને તુચ્છ આહારમાં ગૃદ્ધિ થતી નથી.

વળી આ ઉત્તમ શૌચધર્મમાં વિશેષતા કહે છે.

જીવનલોભ, આરોગ્ય રાખવાનો લોભ, ઇંદ્રિયો તાજી રાખવાનો લોભ તથા ઉપયોગનો લોભ—એ ચાર પ્રકારના લોભની પ્રવૃત્તિ છે. તે ચારેને પોતા તથા પોતાના

સ્વજન મિત્રાદિ સંબંધી એમ બન્ને માટે ઇચ્છે તો આઠ ભેદરૂપ પ્રવૃત્તિ થાય છે. મુનિને આ આઠેય પ્રકારના લોભની પ્રવૃત્તિ હોતી નથી. તે ઉત્તમ શૌચધર્મ છે.

ધ્યાન રાખજો! મુનિને કયો કયો લોભ હોતો નથી તે કહે છે. પોતાનું કે સ્વજન પરપ્રાણીનું આયુષ્ય મોટું હોય તો ઠીક, ધર્મીજીવનું આયુષ્ય લાંબું હોય તો ઠીક એવું પોતાના આત્મજ્ઞાનમાં રમતા મુનિ ધર્માત્મા ઇચ્છતા નથી. નીચલી દશામાં એવો વિકલ્પ આવે પણ ચારિત્રવંત મુનિને એવો વિકલ્પ થતો નથી. આચાર્યોનું આયુષ્ય વધારે હોય અને એમનું આરોગ્ય હોય તો સારું, એવો લોભ મુનિને હોતો નથી. કેમકે આયુષ્ય વધતું કે ઘટતું નથી. જે સમયે પૂરું થવાનું તે થવાનું-એમ તે જાણે છે. એટલે એવો વિકલ્પ મુનિને નથી. સમ્યગ્દર્શન ઉપરાંત વીતરાગતાની અહીં વાત ચાલે છે. સમ્યગ્દૃષ્ટિને આર્તધ્યાન અને રૌદ્રધ્યાન બન્ને હોય છે. મુનિને રૌદ્રધ્યાન તો હોતું જ નથી. આર્તધ્યાનમાં પણ નિદાનરૂપ આર્તધ્યાન હોતું નથી એવી વીતરાગીદશા મુનિને હોય છે, તે ઉત્તમ શૌચધર્મ છે.

આંખો સારી હોય તો ભગવાનનાં દર્શન થાય, શાસ્ત્ર વંચાય વગેરે પ્રકારનો લોભ મુનિ પોતા માટે કે પર માટે પણ કરતા નથી. જેમ ઊંટનો એક પગ ભાંગે તો ત્યાં જ મરી જાય છે એમ શરીર મોળું-નબળું પડે તો મુનિ સંથારો કરી નાખે છે એટલે લાંબું આયુષ્ય, સારી ઇંદ્રિય અને નીરોગતા હોય તો સારું એવી બુદ્ધિ મુનિને થતી નથી. અહીં સુધી તો શરીરાશ્રિત ભાવની વાત આવી. હવે સૂક્ષ્મ વાત કરે છે.

મુનિને ઉપયોગનો લોભ નથી. શુદ્ધઉપયોગ રહે અને અંતરમાં ઠરી જાઉં અને શુભાશુભ ટળી જાઓ એવો વિકલ્પ મુનિને ઊઠતો નથી કેમકે મુનિને સહજ શુદ્ધ ઉપયોગ હોય છે. પરનો લોભ તો મુનિને ન જ હોય પણ આ તો સ્વના ઉપયોગની વાત છે. છતાં એનો પણ લોભ હોતો નથી તે ખરેખર ઉત્તમ શૌચધર્મ છે. જેને સ્વભાવની અને ક્રમબદ્ધ પર્યાયની પ્રતીત વર્તે છે તેને આ કાળે શુદ્ધ ઉપયોગ હોય તો ઠીક એવો લોભ હોતો નથી. એને તો સહજ ઉપયોગ થઈ જાય છે.

જેમ હીરાના કાંટામાં પા રતિનો પણ ફેર ચાલે નહિ તેમ સ્વભાવદૃષ્ટિમાં અને ક્રમબદ્ધની પ્રતીતિમાં શુદ્ધ ઉપયોગને હું કરું એવો વિકલ્પ કરવો પાલવે નહિ. અહીં તો કહે છે કે અખંડ જ્ઞાયકસ્વભાવ સન્મુખ દૃષ્ટિ હોવાથી શુદ્ધ ઉપયોગ કરું એવો શુભ-વિકલ્પ પણ મુનિને ઊઠતો નથી એવા ઉત્તમ શૌચધર્મની અહીં વાત છે. મુનિ ખેંચી-તાણીને એવા પરિણામ કરતા નથી.

મોક્ષમાર્ગ પ્રકાશ પૃ. ૩માં સાધુના સ્વરૂપનું વર્ણન કરતાં પંડિત ટોડરમલ્લજીએ કહ્યું છે કે બાહ્ય નાના પ્રકારનાં નિમિત્ત બને છે પરંતુ ત્યાં કંઈ પણ સુખ-દુઃખ મુનિ માનતા નથી. વળી પોતાને યોગ્ય બાહ્ય ક્રિયા જેમ બને છે તેમ બને છે પરંતુ તેને

ખેંચીતાણીને કરતા નથી અને પોતાના ઉપયોગને બહુ ભમાવતા નથી. આ રીતે કોઈ ઉપયોગની ઇચ્છા મુનિને નથી. એ પ્રમાણે મુનિ ચાર પ્રકારના લોભની પ્રવૃત્તિથી રહિત છે. તેને ઉત્તમ શૌચધર્મ હોય છે.

મુનિની એવી દશા હોય છે કે ઉપયોગ ફેરવવાની પણ તેમને ઇચ્છા નથી. એવો મુનિધર્મ છે. તેને પરમ ભક્તિવડે જાણવા યોગ્ય છે તેમ આચાર્ય ભગવાન કહે છે. જેને જેની રુચિ હોય તેના પુરુષાર્થ કર્યા વગર રહે નહિ. અને એમાં તે વિઘ્નને ગણતો નથી તેમ મુનિ સ્વરૂપના ઉપયોગમાં વિઘ્નને ગણતા નથી.

## * ઉત્તમ સત્યધર્મ *

અર્થ:—જે મુનિ જિનસૂત્ર-અનુકૂળ વચનને જ કહે, વળી તેમાં જે આચારાદિ કહ્યા છે તે પાલન કરવામાં પોતે અસમર્થ હોય તોપણ અન્ય પ્રકારથી ન કહે, વ્યવહારથી પણ અસત્ય ન કહે તે મુનિ સત્યવાદી છે અને તેને જ ઉત્તમ સત્યધર્મ હોય છે. ૩૯૮.

આ મુનિદશાનું વર્ણન છે, તેની વિચારણા સમ્યગ્દષ્ટિ પણ કરે છે કારણ કે તેને પણ મુનિ થવું છે. નિર્ગ્રંથ ગુરુના વચન પ્રમાણ છે તેમ જ મુનિધર્મ મોક્ષમાર્ગ છે એમ સમ્યગ્દષ્ટિ પ્રતીત કરે છે. મુનિપણામાં વસ્ત્ર ન હોય, એક વખત આહાર હોય એવી મુનિદશા છે. મુનિ અન્ય પ્રકારે કથન ન કરે. કાળ બદલ્યો માટે મુનિપણું વસ્ત્રસહિત ન મનાવે, તેમ જ જિનકલ્પી મુનિ નગ્ન હોય ને સ્થવીરકલ્પી વસ્ત્રસહિત હોય તેવી પ્રરૂપણા ન કરે. કોઈ આચારમાં પોતે અસમર્થ હોય તોપણ અન્ય પ્રકારથી ન કહે. વળી કોઈ પૂજા, પ્રભાવના તથા મંદિરમાં લાખોના ખર્ચ કરે તેથી તેને ધર્મ થાય એવી પ્રરૂપણા ન કરે. પંચકલ્યાણકથી આઠ ભવે મુક્તિ થાય એવી પ્રરૂપણા ન કરે—તે બધા શુભના પ્રકારો છે, તેનાથી ધર્મ નથી, રાગરહિત સ્વભાવની દૃષ્ટિ અને તેમાં એકાગ્રતાથી ધર્મ થાય છે. આ રીતે મુનિ જેમ છે તેમ પ્રરૂપે તેથી તે સત્યવાદી છે ને તેને જ ઉત્તમ સત્યધર્મ હોય છે.

ભાવાર્થ:—નિર્ગ્રંથ મુનિઓ ઊભા ઊભા એક વાર આહાર લ્યે. શરીર જીર્ણ થઈ જાય ને ઊભા ન રહી શકે તો આહાર ન લ્યે. સિંહવૃત્તિ સમાન તેમનો પુરુષાર્થ છે. સિદ્ધાંતનો એક અક્ષર પણ બદલે નહિ. શ્રી કુંદકુંદાચાર્ય સૂત્રપાહુડમાં કહે છે કે એક ન્યાય ફરી જાય તો અનંતા તીર્થંકરો ને મુનિઓની અશાતના થાય. ભગવાનના દિવ્યધ્વનિ અનુસાર ગણધરે શાસ્ત્રો રચ્યાં છે, તેના અનુસાર આચાર્યોએ શાસ્ત્રની રચના કરી છે. સર્વજ્ઞના અનુસાર જ શાસ્ત્રનું કથન કરે છે એક શબ્દ પણ આડો-અવળો કહેતા નથી. અત્યારે જૈન સંપ્રદાયમાં ભગવાનના નામે આચારાંગ આદિ શાસ્ત્રો કલ્પિત બનાવ્યાં છે. માટે સાચું શું છે તેની સમજણ કરવી જોઈએ. આ વાત અપૂર્વ

છે. જીવે વિચાર કરવો જોઈએ. મહાવીર ભગવાન પછી છસો વર્ષે દુકાળ પડ્યો તે વખતે કોઈ જીવો મુનિપણું પાળી ન શક્યા તેણે વસ્ત્ર રાખવાં માંડ્યા ને તેમને કહેવા છતાં પ્રાયશ્ચિત ન લીધું, પછી તેઓએ પ્રરૂપણા ફેરવી નાખી ને વસ્ત્રસહિત મુનિપણું મનાવવાનો સંપ્રદાય શરૂ કર્યો.

મુનિમાર્ગ તેવો હોઈ ન શકે. ભગવાનની દિવ્યધ્વની છૂટે છે તેને ઝીલીને ગણધરો સૂત્ર રચે છે, તેની પરંપરામાંથી જે જીવ સૂત્ર ફેરવી નાખે તે અનંત સંસારી છે. કાળ બદલાયો છે માટે વસ્ત્રસહિત મુનિપણું મનાવે અથવા એકાં એઠાં આહાર લ્યે એવો માર્ગ સિંહવૃત્તિમાં ન હોય. પોતાનું માનભંગ થશે એમ માની ગોટા ન ચલાવે, પોતાને માટે બનાવેલ આહાર હોય તો મુનિ ન લ્યે. પોતાને પેટમાં ખૂબ દુઃખતું હોય તોપણ દવા માગે નહિ. એવી મુનિદશા છે. અંતર વીતરાગતા વધી હોય તેનો બાહ્ય નગ્ન અવસ્થા હોય છે. આવી પર્યાયની નિમિત્તતા તથા તે પર્યાયને દ્રવ્યનો આશ્રય છે એવી વાત બીજે ક્યાંય નથી.

વળી વ્યવહાર જે ભોજનાદિ વ્યાપાર તથા પૂજા, પ્રભાવનાદિ વ્યવહાર શાસ્ત્રો અનુસાર કહે. પૂજાથી કલ્યાણ થશે, ઉપવાસથી ધર્મ થશે એમ કહે નહિ, શાસ્ત્રથી વિરુદ્ધ કાંઈ ન કહે.

અહીં દસ પ્રકારથી સત્યનું વર્ણન છે. નામસત્ય, રૂપસત્ય, સ્થાપનાસત્ય, પ્રતીતિ-સત્ય, સંવૃત્તિસત્ય, સંયોજનાસત્ય, જનપદસત્ય, દેશસત્ય, ભાવસત્ય તથા સમયસત્ય. મુનિજનોનો મુનિજનની તથા શ્રાવકની સાથે વચનાલાપરૂપ વ્યવહાર છે. મુનિઓ આત્માના આનંદમાં વધી ગયા છે. તેઓ વાર્તાલાપ કરે તો મુનિ અથવા શ્રાવક સાથે કરે પણ અન્ય-મતવાળા સાથે વાત કરે એમ કહ્યું નથી. ઘણો વચનાલાપ થાય તોપણ સિદ્ધાંત અનુસાર કરે. આ દસ પ્રકારથી સત્યરૂપ વચનની પ્રવૃત્તિ હોય છે.

અર્થ:—(૧) ગુણ વિના બોલનારની ઇચ્છાથી કોઈનું નામ આપે તે નામસત્ય છે. જેમકે કોઈનું નામ લક્ષ્મીચંદ પાડ્યું ને હોય નિર્ધન, કોઈ પાપી પ્રાણી હોય ને નામ ધર્મવિજય હોય, તે નામની અપેક્ષાએ સત્ય છે.

કેટલાક જીવો પ્રતિમાનું નામ લેતાં દ્વેષ કરે ને તેને પથ્થર કહે છે ને પ્રતિમા-પૂજનને જડપૂજન કહે છે. તો તે દ્વેષ છે. નામ અપેક્ષાએ નામ લેવામાં વાંધો નથી.

(૨) કોઈ ચિત્રમાં આલેખીને કહે કે આ સફેદ વર્ણવાળો પુરુષ છે. તે પુરુષ તો ચિત્રમાં નથી પણ રૂપની અપેક્ષાએ એમ કહેવાય છે તે રૂપસત્ય છે.

(૩) ભગવાનની પ્રતિમાની સ્થાપના કરી કહેવું કે આ ભગવાન છે તે સ્થાપનાસત્ય છે. તે પથ્થર છે તે તો ખ્યાલ છે. છતાં આગમમાં 'જિનપ્રતિમા જિનસારિખી' કહી છે. તે સ્થાપનાસત્ય છે. ભગવાન સન્મુખ જઈને જેમ ધર્મી જીવ કહે કે "જિનેન્દ્ર ભગવાનમો

જય હો!" તેમ પ્રતિમા પાસે જઈને પણ કહે કે "તારા અક્રિય ચૈતન્યબિંબનો જય હો!" કોનો જય કહે છે? ભગવાનનો પ્રતિમામાં આરોપ કરે છે. રાગ છે ત્યાં સુધી લક્ષ જાય છે. હે નાથ! તારા અનંત ચતુષ્ટયનો જય હો! મહાવિદેહમાં તું છો. તેનો આરોપ તારી મૂર્તિમાં આપીએ છીએ. એમ કહીને પોતાનો ભાવ મલાવે છે. શતરંજમાં અથવા ગંજીપામાં બાદશાહ, રાણી વગેરેનો આરોપ કરે છે તેમ ભગવાનનો આરોપ પ્રતિમામાં કરે તે અસત્ય નથી પણ સ્થાપનાસત્ય છે.

આ સત્યધર્મ નિર્વિકલ્પ છે, શુભરાગની પણ મુખ્યતા નથી, વીતરાગતા વર્તે છે. જ્ઞાનમાં સત્યનો ન્યાય વર્તે છે. ભાષા ધર્મ નથી પણ જ્ઞાનમાં વિવેક વર્તે છે તે સત્યધર્મ છે.

સ્થાપના–નિક્ષેપનો નિષેધ કરવો યોગ્ય નથી. મહાવિદેહમાં પણ ભગવાનની પ્રતિમા હોય છે. બધે સાક્ષાત્ ભગવાન વિચરતા નથી. પાંચે પરમેષ્ઠીની પ્રતિમા હોય છે ને તે સ્થાપનાસત્ય છે.

(૪) કોઈ પ્રતીતિના અર્થે આશ્રયપૂર્વક કહેવામાં આવે તે પ્રતીતિસત્ય છે. જેમ કોઈ માણસને તાલ (તાડ) જેવો ઊંચો કહેવામાં આવે છે તેથી તે માણસ તાલ જેવડો ઊંચો નથી તેમ જ તેના અનાદર માટે કહેવામાં આવતું નથી પણ નાના માણસોની અપેક્ષાએ મોટો કહેવા ખાતર તાલ જેવડો કહેવામાં આવે છે તે અપેક્ષાએ સત્ય છે.

(૫) લોકવ્યવહારના આશ્રયથી કહે તે સંવૃત્તિસત્ય છે. જેમ કમળની ઉત્પત્તિમાં કારણો તો પાણી, ખાતર, કાદવ વગેરે ઘણાં છે પણ કાદવની પ્રધાનતાથી તેને પંકજ કહે છે. તે અસત્ય નથી પણ સત્ય છે.

(૬) વસ્તુને અનુક્રમે સ્થાપવાનું વચન કહે તે સંયોજનાસત્ય છે. જેમ દસ લક્ષણનું મંડલ કરે તેમાં અનુક્રમપૂર્વક ચૂર્ણના કોઠા કરે અને કહે કે આ ઉત્તમક્ષમાનો કોઠો છે. પૂજા વિધિ કરતી વખતે રાતા, પીળા ચોખા કરી મંડળ કરે ને કહે કે આ અમુક ધર્મનો કોઠો છે. તો તે સંયોજનાસત્ય છે. ઝવેરીઓ ઊંચા મોતીના નામ આપે ને જ્યાં જોઈએ તેવું અનુક્રમથી મોતી પરોવે.

(૭) જે દેશમાં જેવી ભાષા હોય તે કહેવી તે જનપદસત્ય છે.

(૮) ગામ–નગરાદિનું ઉપદેશક વચન તે દેશસત્ય છે. જેમ ચોતરફ વાડી હોય તેને ગામ કહે છે.

(૯) છદ્મસ્થના જ્ઞાનથી અગોચર અને સંયમાદિક પાલન અર્થે જે વચન બોલાય તે ભાવસત્ય છે. પાણીમાં લવીંગ નાખેલાં હોવાથી અચેત થઈ જાય. ત્યાં પોતાના ખ્યાલમાં પાણી અચેત છે છતાં પાણીમાં કોઈ જીવ પોતાના જ્ઞાનથી અગોચર હોય તોપણ આગમ અનુસાર તેને પ્રાસુક કહે તે ભાવસત્ય છે.

(૧૦) આગમગોચર વસ્તુને આગમનાં વચનાનુસાર કહેવી તે સમયસત્ય છે. જેમકે પલ્યોપમ, સાગર વગેરે કહેવાં.

આ દસ પ્રકારના સત્યનું કથન ગોમ્મટસારમાં પણ છે. ત્યાં સાત નામ તો આમાં છે તે જ છે તથા ત્રણ નામ–દેશ, સંયોજના અને સંયમની જગ્યાએ ત્યાં સંભાવના, વ્યવહાર અને ઉપમા એમ છે તથા ઉદાહરણ અન્ય પ્રકારથી છે એ વિવક્ષાનો ભેદ સમજવો, તેમાં વિરોધ નથી.

એ પ્રમાણે જિનસૂત્રાનુસાર સત્યવચનની પ્રવૃત્તિ કરે તેને ઉત્તમ સત્યધર્મ હોય છે. અહીં બોલવાની પ્રધાનતા નથી, ભાવા ભાષાના કારણે નીકળે છે. જ્ઞાનમાં એકાગ્રતા કરે તે ધર્મ છે.

આગળ ઉત્તમ સંયમધર્મને કહે છે:—

## * ઉત્તમ સંયમધર્મ *

અર્થ :—જે મુનિ, જીવોની રક્ષામાં તત્પર વર્તતો થકો ગમનાગમનાદિ સર્વ કાર્યોમાં તૃણનો છેદમાત્ર પણ ન ઇચ્છે ન કરે, એવા મુનિને ઉત્તમ સંયમધર્મ હોય છે. ૩૯૯.

અવિકારી વીતરાગી શ્રદ્ધાસહિત અંતર રમણતાનું વર્ણન અહીં નિમિત્તથી કરે છે. મુનિને હાલતાં–ચાલતાં એક તણખલાના બે ટુકડા કરવાની પણ વૃત્તિ થતી નથી તો જીવને દુઃખ દેવાની વૃત્તિ કેમ ઊઠે ? ન જ ઊઠે. પરની રક્ષા કોઈ કરી શકતું નથી પણ પર જીવોને દુઃખ દેવાનો ભાવ થતો નથી તેને રક્ષા કરી એમ કહેવાય છે. સમ્યગ્દર્શન વખતે સ્વ અને પરનું ભેદજ્ઞાન થયું છે. વિશેષ આગળ વધતાં રાગ ને પરથી છૂટાપણાના જ્ઞાનમાં એકાગ્રતા વધતી જાય છે તે ચારિત્ર છે. સમ્યગ્દર્શનના ભેદજ્ઞાન પછી સ્થિરતાના કારણે સ્થિરતાનું ભેદજ્ઞાન વીતરાગદશા થતાં સુધી થાય છે. તેવા મુનિને સંયમભાવ હોય છે.

ભાવાર્થ :—સંયમ બે પ્રકારનો કહ્યો છે. ઇન્દ્રિય–મનનું વશ કરવું તથા છકાયના જીવોની રક્ષા કરવી. મુનિ દર્શન કરવા જાય, આહાર લેવા જાય તે વખતે ગમનાદિકમાં એવા પરિણામ રહે કે હું તૃણમાત્રનો પણ છેદ ન કરું, મારા નિમિત્તે કોઈનું પણ અહિત ન થાય એવા પ્રયત્નરૂપ વર્તે છે, જીવદયામાં તત્પર રહે છે. અન્ય ગ્રંથોમાં સંયમનું વિશેષ વર્ણન કર્યું છે તેને અહીં ટીકાકાર સંક્ષેપમાં કહે છે.

સંયમ બે પ્રકારનો છે. એક ઉપેક્ષા સંયમ તથા બીજો અપહૃતસંયમ. દેહાદિથી ભિન્ન એવા પોતાના ચિદાનંદ આત્માના આનંદને અનુભવે છે તે ઉપેક્ષાસંયમ છે. ઉપેક્ષા નામ ઉદાસીનતા વા વીતરાગતાનું છે. બીજા અપહૃતસંયમના ત્રણ ભેદ છે. ત્યાં (૧) ચાલતા–બેસતાં જો જીવ દેખાય તો તેને ટાળીને જાય પણ જીવને સરકાવે નહિ તે ઉત્કૃષ્ટ

છે. શરીરની ક્રિયાનો કે આ જીવને મારાથી બચાવી દઉં એવો અહંકાર નથી. પણ જ્યાં જીવ હોય ત્યાં બેસે નહિ એવી સહજદશા તે ઉત્કૃષ્ટ છે. (૨) બેસવાની જગ્યા નાની હોય તો મોરપીંછીથી જીવને આઘો કરીને બેસે તે મધ્યમ છે. (૩) અન્ય તૃણ લાકડી વગેરેથી સર્પ, વીંછી ઇત્યાદિને સરકાવે તે જઘન્ય છે. અંદરના ભાવની વાત છે. બહારની ક્રિયાની વાત નથી.

અહીં અપહૃતસંયમીને પાંચ સમિતિનો ઉપદેશ છે. ત્યાં આહાર-વિહાર અર્થે ગમન કરે તો પ્રાસુક માર્ગ જોઈ ચાર હાથ ભૂમિને જોઈને મલપતા હાથીની જેમ શાંત રીતે વિહાર કરે તે ઈર્યાસમિતિ છે.

ધર્મ-ઉપદેશાદિ અર્થે વચન કહે તો હિતરૂપ ને મર્યાદાપૂર્વક કહે. જુદા જુદા દેશની ભાષા જુદી જુદી હોય તો ભાષાની શૈલિ સમજી મર્યાદા સમજે અને સંદેહ રહિત સ્પષ્ટ અભિપ્રાયથી ધર્મનું સ્વરૂપ કહે, કાંઈ ગોટા વાળે નહિ. અતિ પ્રલાપાદિ વચનના દોષરહિત બોલે. ભાષા ઉપર આત્મા કાબુ રાખી શકે છે એમ અહીં કહેવું નથી પણ મર્યાદા વિનાની ને અપ્રિય ભાષા બોલવાનો વિકલ્પ મુનિને ઊઠતો નથી. દરેક વચન તોળી તોળીને બોલે છે તેવી વીતરાગીદશા હોય છે તે ભાષાસમિતિ છે.

હવે એષણાસમિતિની વ્યાખ્યા કરે છે. કાયાની સ્થિતિ અર્થે આહાર કરે, તે પણ મન-વચન-કાય, કૃત-કારિત-અનુમોદના દોષ જેમાં ન લાગે એવો પરનો આપેલો આહાર છેંતાલીસ દોષ, બત્રીસ અંતરાય અને ચૌદ મળદોષ રહિત પોતાના કરપાત્રમાં ઊભા ઊભા અતિ યત્નપૂર્વક શુદ્ધ આહાર કરે તે એષણાસમિતિ છે. મુનિને રોગ હોય પણ પોતા માટે દવા જોઈએ છે એમ કહે નહિ. એવી સહજ વીતરાગદશા સંતની હોય છે. નવ નવ કોટિએ છેંતાલીસ દોષ અને બત્રીસ અંતરાય રહિત આહાર લે છે. બાર મહિનાના ઉપવાસના પારણે આહાર લેવા ગયા હોય, તોપણ દોષરહિત આહાર લે છે. આહારમાં કીડી આવી હોય, માખીનો પગ દેખાય તો આહાર લે નહિ. સહજ આહારની વૃત્તિ તોડી નાખે, હઠથી પાછા ફરે નહિ. કેમકે મુનિને ત્રણ કષાયનો તો અભાવ થઈ ગયો છે. આહાર લેતા લેતા પણ અપ્રમત્તદશા થઈ જાય છે. જુઓ! આવી મુનિદશા હોય છે. અત્યારે તો મુનિદશાને જેમણે કૃત્રિમ બનાવી દીધી છે તેઓ સંયમધર્મને જાણતા નથી.

અતિ યત્નાચારપૂર્વક ભૂમિને જોઈ ધર્મના ઉપકરણો ઉપાડવા-મૂકવાં તે આદાન-નિક્ષેપણસમિતિ છે. આ ચોથી સમિતિ છે. કોઈ આયાણ ભંડમત નિખેવણીઆ સમિતિ કહે છે, તે ખોટું છે, કેમકે મુનિને ભંડમત હોતાં નથી એટલે કે વસ્ત્ર-પાત્ર મુનિને હોય જ નહિ. વીતરાગના ધર્મના ઉપકરણો મોરપીંછી ને કમંડળ હોય છે, તેને યત્નાચારપૂર્વક લેવાં-મૂકવાં, તેને આદાનનિક્ષેપણ સમિતિ કહેલ છે. ત્રસ-સ્થાવર જીવોને

જોઈ-ટાળી યત્નપૂર્વક શરીરના મળ-મૂત્રાદિને ક્ષેપવા (નાખવાં-દાટવાં) તે પાંચમી પ્રતિષ્ઠાપન સમિતિ છે.

એ પ્રમાણે પાંચ સમિતિ પાલન કરે તેનાથી સંયમ પળાય છે. સિદ્ધાંતમાં એમ કહેલ છે કે જો યત્નાચારપૂર્વક પ્રવર્તે છે તો તેનાથી બાહ્ય જીવોને બાધા થાય તોપણ તેને બંધ નથી તથા યત્નાચાર રહિત પ્રવર્તે છે તેને બાહ્ય જીવો મરો વા ન મરો પણ બંધ અવશ્ય થાય છે.

વળી, અપહૃત સંયમના પાલન અર્થે આઠ શુદ્ધિઓનો ઉપદેશ છે. (૧) ભાવશુદ્ધિ, (૨) કાયશુદ્ધિ, (૩) વિનયશુદ્ધિ, (૪) ઇર્યાપથશુદ્ધિ (૫) ભિક્ષાશુદ્ધિ, (૬) પ્રતિષ્ઠાપના-શુદ્ધિ, (૭) શયનાસનશુદ્ધિ, (૮) વાકયશુદ્ધિ, એમાં—

(૧) ભાવશુદ્ધિ તો કર્મના ક્ષયોપશમજનિત છે. એ વિના આચાર પ્રગટ થતો નથી. જેમ શુદ્ધ ઉજ્જવળ ભીંત ઉપર ચિત્ર શોભાયમાન દેખાય છે તેમ મુનિને ત્રણ કષાયનો ક્ષયોપશમ તો થઈ ગયો છે એટલે કે ત્રણ કષાયનો અભાવ થવાથી ઘણી શુદ્ધિ પ્રગટી છે, તેથી મુનિને પંચાચાર હોય છે. અજ્ઞાનીને પંચાચાર હોતા નથી, કેમકે મુનિપણાની ખબર નથી, તેથી તે આ આચારમાં પણ ગોટાવાળા છે. એટલે વસ્ત્ર-પાત્રના પોટલે પોટલાં મુનિને ઠરાવ્યા છે. તેથી તેને આચારના સ્વરૂપની સમજણમાં ભૂલ છે. વીતરાગમાર્ગને યથાર્થ સમજ્યા વિના ખોટા મુનિપણામાં મંદકષાયના પણ ઠેકાણાં હોતાં નથી તો તેને ભાવશુદ્ધિ તો હોય જ કયાંથી? અહીં તો પહેલાં ભાવશુદ્ધિની વાત કરીને હવે બીજી કાયશુદ્ધિ કહે છે.

(૨) કાયશુદ્ધિ :—વળી દિગંબરરૂપ, સર્વ વિકારો રહિત યત્નરૂપ પ્રવૃત્તિ છે જેમાં એવી શાંતમુદ્રાને જોઈ અન્યને ભય ન ઊપજે અને પોતે નિર્ભય રહે એવી કાયશુદ્ધિ છે. અહો! મુનિના શરીરની સ્થિતિ પણ અંતર વીતરાગતા પ્રગટ કરાવે એવી હોય છે.

(૩) વિનયશુદ્ધિ :—મુનિમાર્ગમાં અરિહંતાદિમાં ભક્તિ તથા ગુરુજનને અનુકૂળ એવી વિનયશુદ્ધિ હોય છે. મુનિ ભગવાનની પ્રતિમાની ભક્તિ કરે છે, પણ તે વીતરાગ-મુદ્રા હોય-શૃંગાર દાગીના વગેરે હોય નહિ એવી પ્રતિમાની ભક્તિ કરે છે. એથી વિપરીત હોય તો તેને માને નહિ; અઢાર દોષ રહિત ભગવાનને સ્વીકારે છે અને એની ભક્તિ કરે છે તે વિનયશુદ્ધિ છે.

(૪) ઇર્યાપથશુદ્ધિ :—જીવોના સર્વ સ્થાન મુનિ જાણે છે. તેથી પોતાના જ્ઞાનદ્વારા સૂર્યના ઉદ્યોતથી નેત્ર ઇંદ્રિય વડે માર્ગમાં અતિ યત્નપૂર્વક જોઈને ચાલવું તે ઇર્યાપથ શુદ્ધિ છે. મુનિ અંધ ન હોય-એમ આ વાતથી નક્કી થાય છે. કોઈ મુનિને આંખના રોગના કારણે અંધાપો થઈ ગયો હોય તો તે સહજ વીતરાગી મુનિ નિરાલંબન આત્મસ્વભાવમાં

પુરુષાર્થની ઉગ્રતા વધારી સમાધિ મરણ કરે છે. મુનિઓની સહજ એવી દશા હોય છે. વળી જીવોના સ્થાનના જાણકાર હોય છે છતાં અંધારે જોઈ શકતા નથી માટે સૂર્યના અંજવાળે જોઈને ચાલે છે તેને ઈર્યાપથશુદ્ધિ કહે છે.

(૫) ભિક્ષાશુદ્ધિ :—મુનિ ભોજન માટે જતાં પહેલાં પોતાના મળમૂત્રની બાધાને પરખે, પોતાના અંગનું બરાબર પ્રતિલેખન કરે, આચારસૂત્રમાં કહ્યા પ્રમાણે દેશ–કાળ–સ્વભાવનો વિચાર કરે; અને આટલી જગ્યાએ આહાર માટે પ્રવેશ કરે નહિ :—

જ્યાં ગીત, નૃત્ય, વાજિંત્ર વડે જેની આજીવિકા હોય તેના ઘેર જાય નહિ, જ્યાં પ્રસૂતિ થઈ હોય ત્યાં જાય નહિ, જ્યાં મૃત્યુ થયું હોય ત્યાં જાય નહિ, વેશ્યાના ઘેર જાય નહિ, જ્યાં પાપકર્મ–હિંસાકર્મ થતું હોય ત્યાં જાય નહિ; દીન અનાથના ઘેર જાય નહિ, દાનશાળામાં, યજ્ઞશાળામાં, યજ્ઞપૂજનશાળામાં તથા વિવાહાદિ મંગળ જ્યાં હોય તેના ઘેર આહાર અર્થે મુનિ જાય નહિ. ધનવાનના ઘેર જવું કે નિર્ધનના ઘેર જવું એવો વિચાર કરે નહિ; શેઠિયાના ઘેર જવાથી ધર્મની પ્રભાવના વધશે એમ વિચારી ત્યાં જતા નથી, કેમકે ધર્મની પ્રભાવના શેઠિયાના ઘેર છે કે પોતાના આત્મામાં છે? જે પોતાનો મોક્ષમાર્ગ જાળવી રાખે તે ખરેખર ધર્મની પ્રભાવના છે. માટે ધનવાનને ત્યાં જવું કે નિર્ધનને ત્યાં જવું એમ વિચારે નહિ; લોકનિંદ્ય કૂળના ઘેર જાય નહિ; દીનવૃત્તિ કરે નહિ; આગમમાં કહ્યા પ્રમાણે દોષ, અંતરાય ટાળી નિર્દોષ પ્રાસુક આહાર લે તે ભિક્ષાશુદ્ધિ છે.

મુનિ એવા શ્રાવકને ત્યાં આહાર લેવા જાય કે જે પોતે પોતાના માટે જ શુદ્ધ આહાર કરતા હોય તેથી ત્યાં અશુદ્ધિ થતી નથી. અત્યારે તો સંપ્રદાયમાં એવી પદ્ધતિ થઈ ગઈ છે કે પર્યુષણ ટાણે આઠ આઠ દિવસના લોટ રાખે છે. એમાં ત્રસની ઉત્પત્તિ થાય છે. વળી અથાણા કરે એમાં પણ ત્રસની ઉત્પત્તિ થાય છે. આવો ત્રસનો ખોરાક ખરેખર શ્રાવકને હોય જ નહિ. એવા ઘેર મુનિ આહાર લેવા જતા નથી કેમકે ત્રસની હિંસાના ખોરાકનો ત્યાગ તો સહજ નીચલી દશામાં હોય છે.

ત્યાં લાભ–અલાભ, સરસ–નીરસમાં સમાનબુદ્ધિ રાખે એવી ભિક્ષા પાંચ પ્રકારની કહી છે. (૧) ગોચરી, (૨) અક્ષમ્રક્ષણ, (૨) ઉદરાગ્નિપ્રશમન, (૪) ભ્રમરાહાર, (૫) ગર્તપૂરણ.

ગાયની માફક દાતારની સંપદાદિ તરફ નહિ જોતાં, જેવો પ્રાપ્ત થયો તેવો આહાર લેવામાં જ ચિત્ત રાખે તે ગોચરીવૃત્તિ છે. જેમ ગાડીને ઊંજણ કરી ગામ પહોંચાડે તેમ સંયમની સાધક કાયાને નિર્દોષ આહાર આપી સંયમ સાધે તે અક્ષમ્રક્ષણવૃતિ છે. અગ્નિ લાગી હોય તેને જેવા તેવા પાણીથી બુઝાવી ઘરને બચાવે તેમ ક્ષુધાઅગ્નિને સરસ–નીરસ આહારથી બુઝાવી પોતાના પરિણામ ઉજ્જવળ રાખે તે ઉદરાગ્નિપ્રશમનવૃત્તિ છે.

ભમરો જેમ ફુલને બાધા ન પહોંચે અને વાસના લે તેમ મુનિ દાતારને બાધા પહોંચાડ્યા સિવાય આહાર લે તે ભ્રમરાહારવૃત્તિ છે. તથા જેમ ગર્ત એટલે ખાડાને જેમ તેમ ભરતી કરી ભરી દેવામાં આવે તેમ મુનિ સ્વાદ-બેસ્વાદ આહારથી ઉદરને ભરે તે ગર્તપૂરણવૃત્તિ છે. એ પ્રમાણે ભિક્ષાશુદ્ધિ છે.

(૬) પ્રતિષ્ઠાપના શુદ્ધિ :—જીવોને જોઈ, યત્નપૂર્વક મળ-મૂત્ર શ્લેષ્મ થૂક વગેરે ક્ષેપણ કરે તે પ્રતિષ્ઠાપનાશુદ્ધિ છે. મુનિને સહજ આ બધું હોય છે.

(૭) શયનાસન શુદ્ધિ :—જ્યાં સ્ત્રી, નપુંસક, દુષ્ટજીવ, ચોર-મદ્યપાની અને જીવ-વધ કરવાવાળા નીચ મનુષ્યો વસતા હોય ત્યાં મુનિ ન વસે તે શયનાસન શુદ્ધિ છે. વળી શૃંગાર-વિકારી આભૂષણ, સુંદરવેષ ધારનારી એવી વેશ્યાદિની જ્યાં ક્રીડા હોય, સુંદર ગીત, નૃત્ય, વાજિંત્ર જ્યાં થતા હોય, જ્યાં વિકારના કારણરૂપ નગ્ન ગુપ્તપ્રદેશ જેમાં દેખાય એવા ચિત્ર હોય, જ્યાં હાસ્ય-મહોત્સવ, ઘોડા આદિને શિક્ષા આપવાનું સ્થાન હોય, વ્યાયામભૂમિ હોય તથા જેનાથી ક્રોધાદિક ઊપજી આવે એવા ઠેકાણે મુનિ ન વસે તે પણ શયનાસન શુદ્ધિ છે. જેમ કાયોત્સર્ગપૂર્વક ઊભા રહેવાની શક્તિ હોય ત્યાંસુધી સ્વરૂપમાં લીન બની ઊભા રહે, પછી બેસે તથા કોઈ વેળા ખેદ મટાડવા માટે અલ્પકાળ સૂવે તે પણ શયનાસન શુદ્ધિ છે.

(૮) વાક્ય શુદ્ધિ :—જ્યાં આરંભની પ્રેરણારહિત વચન પ્રવર્તે પણ યુદ્ધ-કામ-કર્કશ-પ્રતાપ-પૈશૂન્ય-કઠોર-પરપીડાકારક વચન ન પ્રવર્તે, અનેક વિકથારૂપ વચન ન પ્રવર્તે, પોતાનું તથા પરનું જેથી હિત થાય એવા મીઠાં મનોહર વૈરાગ્ય હેતુરૂપ, સ્વાત્મ પ્રશંસા અને પરનિંદારહિત, સંયમીને યોગ્ય વચન પ્રવર્તે તે વચનશુદ્ધિ છે. મુનિ કોઈ રાજાને સંતાડે-છુપાવે નહિ, કોઈ યુદ્ધની વાત કરે નહિ, કોઈપણ સગપણ કરાવી દે નહિ-એવો મુનિનો વ્યવહાર છે.—આના જેને ઠેકાણા નથી તે મુનિ કેવા? એટલે કે તેને મુનિપણું હોતું નથી. મુનિને તો મધુર અને નિર્દોષવચન હોય છે તે વાક્યશુદ્ધિ છે.

એ પ્રમાણે મુનિને સંયમધર્મ હોય છે. એ સંયમના પાંચ ભેદ હોય છે. (૧) સામાયિક, (૨) છેદોપસ્થાપના, (૩) પરિહારવિશુદ્ધિ, (૪) સૂક્ષ્મસાંપરાય અને યથાખ્યાત એવા પાંચ ભેદ છે. તેનું વ્યાખ્યાન અન્ય ગ્રંથોથી જાણવું.

હવે ઉત્તમ તપધર્મ કહે છે.

## * ઉત્તમ તપધર્મ *

અર્થ:—જે મુનિ આલોક-પરલોકના સુખની અપેક્ષારહિત બની તથા સુખ-દુઃખ, શત્રુ-મિત્ર, તૃણ-કંચન ને નિંદા-પ્રશંસાદિમાં રાગદ્વેષરહિત સમભાવી થઈ અનેક પ્રકારથી કાયક્લેશ કરે છે તે મુનિને ઉત્તમ તપધર્મ હોય છે. ૪૦૦.

અહીં તપ એટલે મુનિપણું છે; તે મુનિપણામાં કાયક્લેશ કરે છે એમ કહેલ છે તે નિમિત્તનું કથન છે. ખરેખર તો જ્ઞાનને રાગ અને મનથી છૂટું પાડી એકલા આત્મામાં રમે છે તે તપ છે.

ભાવાર્થ:—ચારિત્ર અર્થે જે ઉદ્યમ અને ઉપયોગ કરે તેને તપ કહ્યું છે. આત્મામાં પોતાનો ઉપયોગ પુરુષાર્થપૂર્વક જોડે તે ચારિત્ર અથવા તો તપ છે. વીતરાગદશા પ્રગટ કરે તે તપ છે. તે વખતે કાયક્લેશ હોય છે પણ તેથી આત્મામાં વિભાવ પરિણતિના સંસ્કાર થાય છે તેને મટાડવાનો મુનિ ઉદ્યમ કરે છે. એટલે કે કાયક્લેશમાં શરીર કૃષ થાય, અંગોપાંગ ઝલાઈ જાય વગેરેના નિમિત્તે વિભાવપરિણતિ–અણગમો દ્વેષ ન થાય પણ સ્વભાવમાં વિશેષ લીનતા થાય એવો ઉદ્યમ મુનિ કરે છે અને પોતાના શુદ્ધસ્વરૂપ ઉપયોગને ચારિત્રમાં થંભાવે છે તે ઘણા જોરથી થંભે છે એ જોર કરવું તે જ તપ છે. તે બાહ્યઅભ્યંતર ભેદથી બાર પ્રકારનું છે. તેનું વર્ણન આગળ ચૂલિકામાં કરવામાં આવ્યું છે.

હવે ઉત્તમ ત્યાગધર્મને કહે છે.

## * ઉત્તમ ત્યાગધર્મ *

અર્થ:—જે મુનિ મિષ્ટ ભોજન છોડે, રાગદ્વેષને ઊપજાવવાવાળા ઉપકરણોનો ત્યાગ કરે તથા મમત્વના કારણરૂપ વસતિકાનો ત્યાગ કરે તે મુનિને ઉત્તમ ત્યાગધર્મ છે. ૪૦૧.

મુનિને મિષ્ટ ભોજન તો હોય છે પણ અહીં વિશેષ રાગ છોડે છે ત્યારે મિષ્ટ ભોજન હોતું નથી એવા તપની અહીં વ્યાખ્યા છે, તે વખતે વિશેષ પુરુષાર્થ હોય છે અને મિષ્ટ ભોજનનો યોગ હોતો નથી તેને છોડે છે એમ કહેલ છે. વળી ઉપકરણોમાં ઘડિયાળ વગેરે રાખતાં નથી. જે કોઈ રાગ-દ્વેષ ઉપજાવે એવા ઉપકરણો રાખે તેને વ્યવહારના પણ ઠેકાણાં નથી અને તેવા મુનિને નિશ્ચયચારિત્ર હોતું જ નથી. નિશ્ચયચારિત્રપૂર્વક વ્યવહાર હોય છે તે મુનિપણું છે. એવા સાચા મુનિની શ્રદ્ધા કહો કે સંવરતત્ત્વની શ્રદ્ધા કહો તે એક જ છે. માટે મુનિધર્મનું યથાર્થજ્ઞાન કરવું જોઈએ.

આ ધર્માનુપ્રેક્ષા ચાલે છે, એમાં જ્ઞાની દસ પ્રકારના ધર્મોનો વિચાર કરે છે. મુનિને ઉત્તમ ત્યાગધર્મ હોય છે. એનું વર્ણન કરતાં સાચા મુનિ કેવા હોય અને તેમને ત્યાગ શેનો હોય, તે બતાવતાં એનાથી વિરુદ્ધભાવો હોય તેમાં મુનિપણું રહેતું નથી—એમ કહેલ છે એ કાંઈ બીજાના દોષો કાઢવા માટે નથી પણ એવા દોષો પોતામાં હોય તો ટાળવા જેવા છે એમ કહે છે. પરમાં એવા દોષો હોય તો જ્ઞાત કરવા જેવું છે. સમ્યગ્દૃષ્ટિ અગર મુનિ ભાવના કરે છે, એમાં રાગ ઘટીને સંવર થાય છે અને એને આનંદની વૃદ્ધિ થાય છે.

ભાવાર્થ:—સંસાર–દેહ–ભોગના મમત્વનો ત્યાગ તો મુનિને પહેલાંથી જ હોય છે. અહીં તો જે વસ્તુઓનું કામ પડે છે તેને મુખ્ય કરીને કહ્યું છે. આહારથી

કામ પડે છે તો ત્યાં મુનિ—સરસ—નીરસ આહારમાં મમત્વ કરતા નથી. ૪૬ દોષરહિત આહાર લે છે પણ એમાં મુનિ ગૃદ્ધિભાવ કરતા નથી. પુસ્તક, પીંછી, કમંડળ એ ધર્મોપકરણોમાં જેનાથી રાગ તીવ્ર વધે એ પ્રમાણે તેને ન રાખે, ગૃહસ્થના કામમાં ન આવે એવા ઉપકરણો મુનિ રાખે. એ સિવાય મુનિ પોસ્ટકાર્ડ, ઘડિયાળ, ફાઉન્ટનપેન વગેરે રાખે નહિ અને પોસ્ટકાર્ડ કોઇની પાસે રખાવે પણ નહિ. મુનિ આત્માના જ્ઞાનધ્યાનમાં વર્તે છે, ઉપશમરસમાં ઝૂલે છે. કોઈ મોટી વસતિકા એટલે રહેવાની જગ્યાથી કામ પડે તો ત્યાં એવી જગ્યામાં ન રહે કે જેનાથી મમત્વ ઊપજે! આલીશાન બંગલામાં મુનિ રહે નહિ, મુનિને એવો મમત્વભાવ હોતો નથી.

આવો મુનિપણાનો ત્યાગધર્મ છે. આવું ચારિત્ર હોય નહિ અને મુનિપણું મનાવે તો તે જીવ નિગોદનું આરાધન કરી રહ્યો છે. કુંદકુંદાચાર્યદેવ કહે છે કે કોઈ મુનિ નામ ધરાવી વસ્ત્રનો તાણોવાણો રાખે તો તે નિગોદનો કામી છે, મુનિ નથી પણ ગૃહીત મિથ્યાદષ્ટિ છે. શાસ્ત્રમાં તો મિથ્યાત્વના પોષણ કરનારને સાત વ્યસન કરતાં પણ મહાન પાપ કહેલ છે. મુનિપણું હોય નહિ છતાં મુનિપણું માને, મનાવે તો તે જીવ નિગોદનું આરાધન કરી રહ્યો છે. અહીં મુનિના ત્યાગધર્મનું વર્ણન કરતાં કહે છે કે મુનિને બીજો બધો તો ત્યાગ છે પણ ઉપકરણો આદિનો ત્યાગ નથી છતાં એમાં મમતા કરતા નથી તે ઉત્તમ ત્યાગધર્મ છે.

હવે આગળ ઉત્તમ આકિંચનધર્મ કહે છે :—

## * ઉત્તમ આકિંચનધર્મ *

**અર્થ:**—જે મુનિ મન—વચન—કાય, કૃત—કારિત—અનુમોદનાપૂર્વક સર્વ ચેતન-અચેતન પરિગ્રહનો સર્વથા ત્યાગ કરે છે, કેવો થતો થકો? લોકવ્યવહારથી વિરક્ત થતો થકો ત્યાગ કરે છે તે મુનિને નિર્ગ્રંથપણું હોય છે. ૪૦૨

**ભાવાર્થ:**—મુનિ અન્ય પરિગ્રહ તો છોડે જ છે પરંતુ મુનિપણામાં યોગ્ય એવા ચેતન તો શિષ્યસંઘ તથા અચેતન—પુસ્તક—પીંછી—કમંડળ આદિ ધર્મોપકરણ અને આહાર વસતિકા દેહ એનાથી સર્વથા મમત્વ ત્યાગ કરે અને એવો વિચાર કરે કે હું તો એક આત્મા જ છું, અન્ય મારું કાંઈ પણ નથી, હું અકિંચન છું—એવો નિર્મમત્વ થાય તેને ઉત્તમ આકિંચનધર્મ હોય છે.

મુનિને કોઈ સાંસારિક ચેતન પદાર્થોનો પરિગ્રહ હોતો નથી પણ જે શિષ્ય આદિ હોય છે એના ઉપર પણ મુનિને મમત્વભાવ થતો નથી અને પર્યાયમાં રાગ થાય છે તે પણ મારી કાયમી ચીજ નથી, હું તો પરવસ્તુના સંબંધ વિનાનો છું, એમ મુનિ વિચારે છે. આ તો ચારિત્રદશાની વાત છે. નિર્ગ્રંથપદ કેવું હોય? તેની જેને ખબર નથી એણે

તો મુનિપદને વીંખી નાખ્યું છે એટલે કે મુનિના માર્ગને તોડી નાખ્યો છે. આ કાળે ભાવલિંગી મુનિ સાંભળવામાં કે જોવામાં આવ્યા નથી, દ્રવ્યલિંગી હોય તો એની અહીં વાત નથી. અહીં વીતરાગીદશા પ્રગટ થઈ હોય અને આનંદમાં ઝૂલતા હોય એવા મુનિને બહારમાં મોરપીંછી, કમંડળાદિ ઉપકરણો હોય છે પણ એમાં તેમને મમત્વભાવ થતો નથી તેનું અસંગપણું વિચારે છે. ચિત્તનો પણ સંગ છોડી દે છે અને નિર્મમત્વ થાય છે તે આકિંચનધર્મ છે.

અહો! કેટલાકે તો મુનિધર્મ કેવો હોય તે સાંભળ્યું પણ નથી તેથી એને ધર્મ ક્યારે થાય? ન જ થાય. માટે તું તારી શ્રદ્ધા સુધારવા માટે મુનિપણાના સ્વરૂપને જાણ! ગુણને યથાર્થ જાણતાં ગુણનો આદર થયા વગર રહે નહિ અને તેથી શ્રદ્ધામાં વિપરીતતા રહેતી નથી. આ વાતને સમજ્યા વગર બબ્બે મહિનાનો સંથારો કરે પણ તેને મિથ્યાત્વ હોવાના કારણે નિગોદનું આરાધન થઈ રહ્યું છે, કદાચ તે સ્વર્ગમાં જાય તો તે અપવાદ માર્ગ છે. પણ મિથ્યાત્વી તો નિગોદમાં જાય છે તે ઉત્સર્ગ માર્ગ છે, આ વાત કોઈનો તિરસ્કાર કે અનાદર કરવા માટે નથી, એ વાત પહેલાં કહી ગયા છીએ કે પોતામાં વિપરીતતા ન આવે એ માટે આ વાત કહેવાય છે. માટે જીવોએ મૂઢતા ટાળીને મુનિપણાનું યથાર્થ જ્ઞાન કરવું જોઈએ, એ રીતે મુનિનો ઉત્તમ આકિંચન એટલે મમત્વ રહિત ધર્મ કહ્યો.

હવે આગળ ઉત્તમ બ્રહ્મચર્યધર્મ કહે છે.

## * ઉત્તમ બ્રહ્મચર્યધર્મ *

**અર્થઃ—જે મુનિ, સ્ત્રીઓની સંગતી ન કરે, તેના રૂપને ન નિરખે, કામની કથા તથા 'આદિ' શબ્દથી તેના સ્મરણાદિથી રહિત હોય, એ પ્રમાણે મન-વચન-કાય, કૃત-કારિત-અનુમોદના એમ નવ પ્રકારથી તેનો ત્યાગ કરે તે મુનિને ઉત્તમ બ્રહ્મચર્યધર્મ હોય છે. ૪૦૩.**

**જુઓ, અહીં મુનિના બ્રહ્મચર્યની વાત છે, મુનિ સ્ત્રીના રૂપને, સુંદરતાને, નમણાઈને રાગથી ન જુએ અને એનું સ્મરણ પણ ન કરે, એને સાચું બ્રહ્મચર્ય હોય છે.**

અહીં એમ પણ જાણવું કેઃ-બ્રહ્મ નામ આત્મા છે તેમાં લીન થાય તે બ્રહ્મચર્ય છે. આ પ્રમાણે શાસ્ત્રમાં બ્રહ્મચર્યનો અર્થ આવે છે તે વાંચીને જેને આત્માનું ભાન નથી અને કુદેવાદિની શ્રદ્ધાથી પણ જે છૂટયા નથી એવા ગૃહીત મિથ્યાદૃષ્ટિ આ રીતે આત્માની વાત કરે છે પરંતુ જેને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની ખબર નથી, એટલે યથાર્થ પદાર્થ કોણ કહે એની જેને પરીક્ષા નથી તેને આ વાત ક્યાંથી હોય? એટલે કે ન જ હોય. જેમ ઈમીટેશનના વેપારી અને હીરાના વેપારીની પરીક્ષા જેને ન હોય, તે ઈમીટેશનના વેપારી

પાસેથી હીરા લેવા જાય તો એને મળે નહિ, તેમ જેને સાચા દેવાદિની શ્રદ્ધા હોય નહિ અને એની નકલ કરે તો એને બ્રહ્મ એવા આત્માની પ્રાપ્તિ થાય નહિ.

દયા, દાન, ભક્તિના શુભભાવથી ધર્મ થાય એવી જેની પ્રરૂપણા છે તેને ગૃહીત મિથ્યાત્વ તો પડયું છે પણ શાસ્ત્રના બહાના નીચે અધ્યાત્મની વાત કરે છે તે ગૃહીત મિથ્યાત્વને પણ પુષ્ટ કરે છે. ગૃહીત મિથ્યાત્વને ટાળ્યા વિના બ્રહ્મ અર્થાત્ આત્માનું સાચું કથન પણ આવે નહિ, ઘણા માણસો સાંભળવા જાય માટે સત્ય પ્રરૂપણા હશે એમ લોકો માને છે, પણ તે સતનું પ્રમાણ નથી. સતનું પ્રમાણ તો સતની કસોટી એ છે. દેશ નેતા હોય અને ભાષણ કરે એમાં પણ ઘણા માણસો સાંભળવા જાય છે, મોક્ષમાર્ગ કઈ રીતે પ્રગટ થાય એને જાણી, તેની શ્રદ્ધા કરી મોક્ષમાર્ગ પ્રગટ કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું હોય તેણે કહેલો માર્ગ તે સત્યમાર્ગ છે. એવા દેવાદિને જાણે નહિ, શ્રદ્ધે નહિ. તે રાગથી અને પુણ્યથી ધર્મ માને છે અને મનાવે છે તેને આત્માની ખબર નથી, તો આત્મામાં લીન થવું એ તો એને હોય જ નહિ.

પરદ્રવ્યમાં આત્મા લીન થાય એટલે રાગમાં લીન થાય તેમાં સ્ત્રીના રાગમાં લીન થવું પ્રધાન છે. કારણ કે કામ મનમાં ઉત્પન્ન થાય છે એટલે અન્ય કષાયોથી પણ એ પ્રધાન છે અને એ કામનું આલંબન સ્ત્રી છે, એટલે તેનો સંસર્ગ છોડી મુનિ પોતાના સ્વરૂપમાં લીન થાય છે, તેની સંગતી કરવી, રૂપ નીરખવું, તેની કથા કરવી, સ્મરણ કરવું એ સર્વ છોડે તેને બ્રહ્મચર્ય હોય છે. કામનું મૂળ તો કલ્પના છે. કલ્પનાનું દોરડું લાંબું ચાલે અને વિકલ્પોનું લંબાણ થાય. ક્રોધ, માન, માયા અને લોભ તો બહાર દેખાય પણ કામની કલ્પના તો અંદરમાં ને અંદરમાં ગડમથલ થાય, વિશેષ થાય ત્યારે બહાર દેખાય, એ કલ્પનાને છોડીને આત્મામાં લીન થવું તે બ્રહ્મચર્ય છે. પરપદાર્થનું ચિંતવન કરનાર સ્વપદાર્થની લીનતાને છોડે છે, તે ભાવ અબ્રહ્મચર્યનું કારણ છે. અહીં તો મુનિપણાની વાત છે, આત્માનું ભાન થયા પછી નિરંતર આત્મામાં રમણતા કરે છે એ બ્રહ્મચર્ય છે.

હવે સંસ્કૃત ટીકામાં શીલના અઢાર હજાર ભેદ કહ્યા છે તે કહે છે :—

અચેતન સ્ત્રી—કાષ્ટ પાષાણ અને લેપકૃત છે. તેને મન–વચન–કાય તથા કૃત–કારિત–અનુમોદના એ છએ ગુણતાં અઢાર ભેદ થયા. તેને પાંચ ઇન્દ્રિયોથી ગુણતાં નેવું ભેદ થયા. તેને દ્રવ્ય અને ભાવથી ગુણતાં એકસો એંશી ભેદ થયા. તેને ક્રોધ–માન–માયા–લોભ એ ચારેથી ગુણતાં સાતસો વીશ ભેદ થયા ( એ પ્રમાણે અચેતન સ્ત્રી નિમિત્તક કુશીલ સાતસો વીશ ભેદે થયું ) તથા :—

ચેતન સ્ત્રી—દેવાંગના મનુષ્યણી અને તિર્યંચણી એ ત્રણને કૃત–કારિત–અનુમોદનાથી

ગુણતા નવ ભેદ થયા, તેને મન–વચન–કાયા એ ત્રણથી ગુણતા સત્તાવીશ ભેદ થયા, તેને પાંચ ઇન્દ્રિયોથી ગુણતાં એકસો પાંત્રીશ ભેદ થયા, તેને દ્રવ્ય અને ભાવથી ગુણતાં બસો સીત્તેર ભેદ થયા, તેને આહાર–ભય–મૈથુન–પરિગ્રહ એ ચાર સંજ્ઞાથી ગુણતાં એક હજાર એંશી ભેદ થયા, તેને અનંતાનુબંધી–અપ્રત્યાખ્યાનાવરણી–પ્રત્યાખ્યાનાવરણી અને સંજ્વલન-રૂપ ક્રોધ–માન–માયા–લોભરૂપ સોળ કષાયોથી ગુણતાં સત્તર હજાર બસો એંશી ભેદ થયા, તેમાં ઉપરના અચેતન સ્ત્રી નિમિત્તિક સાતસો વીશ મેળવતાં કુશીલના ૧૮૦૦૦ અઢાર હજાર ભેદ થાય છે. વળી એ ભેદોને અન્ય પ્રકારથી પણ કહ્યા છે તે અન્ય ગ્રંથોથી જાણવા, એ બધા આત્માની પરિણતિ—વિકારના ભેદ છે, તે બધાને છોડી જ્યારે આત્મા પોતાના સ્વરૂપમાં રમણ કરે ત્યારે ઉત્તમ બ્રહ્મચર્યધર્મ હોય છે.

આ શીલના અઢાર હજાર ભેદ કોને હોય છે? તો કહે છે કે આ અઢાર હજાર ભેદ માંહેનો એક પણ વિકલ્પ વસ્તુસ્વભાવમાં નથી એવી પ્રતીતિ પ્રથમ કરે તેને હોય છે. કેમકે એવી પ્રતીત થયા વિના અસ્થિરતાના વિકલ્પનો અભાવ થાય નહિ. અહીં એકલા બ્રહ્મચર્યની વાત નથી, વસ્તુના સ્વભાવને સમજ્યા વગર અને સાચા દેવ–ગુરુ–શાસ્ત્રની શ્રદ્ધા વગર બહારના ત્યાગથી સાધુપણું મનાવે તો તે ગૃહીત મિથ્યાદૃષ્ટિ છે. કથાઓ વાંચી જગતના જીવોને મુગ્ધ કરે પણ એમાં ધર્મ નથી, કથા તો ચારણ પણ કરે છે, સાધુ નામ ધરાવે પણ તત્ત્વની ખબર હોય નહિ અને વ્યવહારના પણ ઠેકાણાં ન હોય તો તે ગૃહીત મિથ્યાદૃષ્ટિ છે, માટે જીવે પરીક્ષા કરવી જોઈએ. એમને એમ માની લેવાની આ વાત નથી. દુનિયા આખી કહે છે કે અમારી વાત સાચી છે, પણ જેને પાંચ રૂપિયા આપવાની તાકાત નથી તે કહે કે કાલે હું લાખ રૂપિયા આપીશ તો તે વાત ખોટી છે, તેમ સુદેવ–ગુરુ–શાસ્ત્રની તો ખબર નથી અને આત્માની વાત કરે તો તે ખોટા છે, જેને તત્ત્વ અને અતત્ત્વની ખબર નથી, તે મિથ્યાદૃષ્ટિ છે. સર્વજ્ઞના શાસન સિવાય બીજે આવી અખંડ આત્માની વાત હોય નહિ.

હવે આગળ શીલવાનનું માહાત્મ્ય બતાવતાં બીજા શાસ્ત્રની ગાથાનો આધાર આપે છે.

जो णवि जादि वियारं तरूणियणकड्क्खवाणविद्धो वि ।
सो चेव सूरसूरो रणसूरो णो हवे सूरो ।।

જે પુરુષ, સ્ત્રીજનના કટાક્ષરૂપ બાણોથી વિંધાયો છતાં પણ વિકારને પ્રાપ્ત થતો નથી. એટલે કે જેને પરદ્રવ્ય ઉપરથી આસક્તિ છૂટી ગઈ છે તેના જ્ઞાનમાં સ્ત્રીના કટાક્ષનો ખ્યાલ આવે ખરો પણ તે વિકારને પ્રાપ્ત થતો નથી તે શૂરવીરોમાં પ્રધાન છે, એટલે એની જ્ઞાનની ઉગ્રતા વિશેષ હોય છે. જેને રાગની ઉત્પત્તિ થતી નથી તે જ શૂરવીર છે પણ રણમાં માથાં આપે તે શૂરવીર નથી કેમકે એવું તો અભવી પણ કરે એટલે એવી

શૂરવીરતા અનંતવાર કરી પણ તે ખરેખર શૂરવીર નથી. ચારણોની જમીન જ્યારે કોઈ બીજા પડાવી લેતા હોય ત્યારે ચારણ કપાસિયાનું ગાડુ ભરીને એમાં ચ્યાસતેલ છાંટી ચોગાનની અંદર સળગાવી પોતે બળી મરે, રાડપણ ન પાડે, ઉકારો પણ કરે નહિ, વળી કોઈ રાજાનો કુંવર હોય, લડાઈમાં જાય ત્યાં યુદ્ધ કરીને મરે પણ તે ખરેખર શૂરવીરતા નથી પણ જેને વિકારના પરિણામ થતા નથી તે શૂરવીરમાં પ્રધાન છે એટલે તેને સાચી શૂરવીરતા છે.

ભાવાર્થ:—યુદ્ધમાં સામી છાતીએ મરવાવાળા શૂરવીર તો ઘણા છે પણ જે સ્ત્રીવશ ન બની બ્રહ્મચર્યવ્રત પાલન કરે છે એવા વિરલા છે એ જ ઘણા સાહસી–શૂરવીર અને કામને જીતવાવાળા ખરા સુભટ છે.

—એ પ્રકારે દશ પ્રકારથી યતિ ધર્મનું વ્યાખ્યાન કર્યું.

—*—

## * ૮૪મા વર્ષમાં મંગલ પ્રવેશ *

* શ્રાવણ વદ ૧૪ (તા. ૭-૯-૯૧)ના રોજ આપણા આદરણીય પંડિતજી શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહ (પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના મોટાભાઈ)નો જન્મદિન હતો. આ દિવસે પંડિતજીએ ૮૪મા વર્ષમાં પ્રવેશ કર્યો છે. આ શુભ અવસર પર પરમોપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રીના ટેપ-પ્રવચન પછી શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ તેમ જ મુમુક્ષુસમાજ વતી શ્રી હીરાભાઈ શાહ દહેગામવાળાના આદેશથી, આપણી માતૃભાષામાં ભગવતી કુંદકુંદ-અધ્યાત્મ-ભારતી આપણને પ્રદાન કરનારા આપણા આદરણીય પંડિતજીને, તેમના ગુણાનુવાદરૂપ સંક્ષિપ્ત ભાષણ દ્વારા ઉપકૃતભાવભીનું અભિવાદન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પંડિતજીના નિવાસસ્થાને સર્વે મુમુક્ષુઓ વ્યક્તિગતરૂપે અભિવાદન માટે ગયા હતા.

—*—

તા. ૧૫-૯-૯૧

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

આપણા તારણહાર સ્વાનુભવપ્રધાન અધ્યાત્મબોધદાતા પરમ-ઉપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રીના તેમ જ પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેહનના ધર્મવૃદ્ધિકારી પ્રતાપથી તેઓશ્રીની પવિત્ર સાધનાભૂમિ અધ્યાત્મ-અતિશયક્ષેત્ર શ્રી સુવર્ણપુરીમાં આપણા આદરણીય પંડિતજી શ્રી હિમ્મતલાલભાઈ જે. શાહના જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીના માર્ગદર્શનમાં ધર્મ-પ્રભાવનાના અંગરૂપ બધી ધાર્મિક ગતિવિધિ પૂર્વવત્ નિયમિત ચાલી રહી છે. પ્રાતઃ પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ, જિનેન્દ્રદર્શન-પૂજા, પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી સમયસાર-નિર્જરા અધિકાર પર ( ૧૩મી વખતનું ) ટેપ-પ્રવચન, પુરુષો માટે ધાર્મિક શિક્ષણવર્ગ, બપોરે શ્રી પંચાસ્તિકાય સંગ્રહ પર શાસ્ત્ર-વાંચન, જિનેન્દ્રભક્તિ, પૂજ્ય બહેનશ્રીની સ્તુતિ અને સાંજે પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી સમાધિતંત્ર પર ટેપ પ્રવચન—ઇત્યાદિ કાર્યક્રમ નિયમિત ચાલી રહ્યો છે.

## * પ્રૌઢ ધાર્મિક શિક્ષણ વર્ગ *

પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૭૮મી જન્મજયંતીના ઉપલક્ષમાં તા. ૮-૮-૯૧ થી તા. ૨૭-૮-૯૧ — ૨૦ દિવસ માટે રાખેલ પ્રૌઢ ધાર્મિક શિક્ષણવર્ગ અધ્યાત્મતત્ત્વપ્રમુખ ધાર્મિક અભ્યાસ તથા સંચાલનની દૃષ્ટિએ સુચારુ રહ્યો. પ્રતિવર્ષ-અનુસાર શિક્ષણવર્ગમાં ઉત્તમ તથા મધ્યમ એમ બે કક્ષા ચલાવી હતી. ઉત્તમ વર્ગમાં સવારે સમયસાર પૂર્વરંગ પર અને સાંજે 'પંચાસ્તિકાયસંગ્રહ-મોક્ષમાર્ગ પ્રપંચ વર્ણન' પર તથા મધ્યમ વર્ગમાં સવારે 'જૈન-સિદ્ધાંત પ્રશ્નોત્તરમાળા' પર અને સાંજે 'મોક્ષમાર્ગ-પ્રકાશક-પ્રથમ અધિકાર' પર શિક્ષણ આપવામાં આવ્યું હતું. ઉત્તમ વર્ગ બ્ર. શ્રી ચંદુભાઈ ઝોબાલિયાએ તથા મધ્યમ વર્ગ વઢવાણશહેરનિવાસી બ્ર. શ્રી વ્રજલાલભાઈ ગિરધરલાલ શાહે ચલાવ્યો હતો. શિક્ષણાર્થીઓને પૂજ્ય ગુરુદેવના અધ્યાત્મસુધાઝરતા અનુપમ ટેપ-પ્રવચનો ઉપરાંત પૂજ્ય બહેનશ્રીના આવાસ પર દરરોજ સંભળાવાતો એમની અનુભવભીની ધર્મચર્ચાની ટેપનો સારો લાભ મળતો હતો જેથી તેઓ પોતાને અતિ ભાગ્યશાળી અનુભવતા હતા. આ શિક્ષણવર્ગમાં હિન્દીભાષી શિક્ષણાર્થીઓની ઉપસ્થિતિ સારી રહી હતી, હિન્દીભાષી નવા શિક્ષણાર્થી અધિક દેખાતા હતા.

સોનગઢ, ભાવનગર, રાજકોટ, વઢવાણ, સુરેન્દ્રનગર, લાઠી, કાનાતળાવ, ઉમરાળા, સમઢિયાળા, વાંકાનેર, સરવાળ, જામનગર, વીંછિયા, સિહોર, ગારિયાધાર, બગદાણા, વીસાવદર આદિ સૌરાષ્ટ્રના, તેમ જ અમદાવાદ, સુરત, અંકલેશ્વર, હિંમતનગર, સાંદરણા,

માલેગાંવ આદિ ગુજરાતના તથા બેંગલોર, પૂના, શિવપુરી, દિલ્હી, ઉદેપુર, કરેરા, મહીદપુર, સાગર, મૈનપુરી, દમોહ, ગ્વાલિયર, ભોપાલ, ગુના, મુંબઈ, ઘાટકોપર, મલાડ, દાદર, ખંડવા, માંડવલા વગેરે અનેક ગામના ભાઈઓ ઉપરાંત લંડનથી ત્રણ માસનો સમય લઈને અધ્યાત્મતત્ત્વજ્ઞાનનો લાભ લેવા સોનગઢ આવેલા જિજ્ઞાસુ રુચિવાન ૨૩ વર્ષના યુવાન શ્રી શીતલભાઈ મણિલાલ શાહે (—કે જેઓ લંડનસ્થિત શ્રી ભગવાનજીભાઈ કે. શાહના ભત્રીજાના સુપુત્ર છે તેમણે—) આ ધાર્મિક શિક્ષણનો લાભ લીધો હતો.

## ✻ બહેનશ્રી ચંપાબહેનની ૭૮મી જન્મજયંતી ✻

પરમ તારણહાર પૂજ્ય ગુરુદેવશ્રીના સ્વાનુભવપ્રધાન અધ્યાત્મ શાસનને જાગૃત રાખનાર, પોતાના પરમ ઉપકારી ગુરુ કહાનના અનંત ઉપકાર-મહિમાનું સદાય સ્મરણ-કીર્તન કરનાર ઉપકારમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ૭૮મી જન્મજયંતી શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટે, મુંબઈ નિવાસી શ્રી પુષ્પાબહેન મનસુખલાલ દોશી-પ્રદત્ત ધનરાશિ દ્વારા ભારત વર્ષના સમાગત વિભિન્ન મુમુક્ષુસમાજની ઉપસ્થિતિમાં અત્યંતાનંદોલ્લાસપૂર્વક વિશિષ્ટરૂપે ઉજવી હતી.

જન્મજયંતીના આ પાંચ-દિવસીય મંગળ સમારોહ (તા. ૨૩-૮-૯૧ થી તા. ૨૭-૮-૯૧) માં પ્રવચન તેમજ વિવિધ મનોજ્ઞ કાર્યક્રમ, સ્વાધ્યાયમંદિરની પાછળના પ્રાંગણમાં ઊભા કરવામાં આવેલા, સ્વસ્તિક તેમજ તત્ત્વ તથા ભક્તિસભર સૂત્રપટ આદિ સુશોભનોથી સજાવેલા વિશાળ ભવ્ય મંડપમાં સમ્પન્ન થતા હતા. આ મંગલ મહોત્સવના આનંદોપલક્ષમાં 'શ્રી ચૌંસઠ ઋદ્ધિમંડલ વિધાનપૂજા' નું ભવ્ય આયોજન શ્રી પરમાગમ-મંદિરમાં કરવામાં આવ્યું હતું. પૂજાના સમયે પરમાગમમંદિર ઠસોઠસ ભરાઈ જતું, નીચે જગ્યા ન મળવાથી કેટલાક મુમુક્ષુ ઉપરની ગેલેરીમાં બેસીને પૂજાનો લાભ લેતા હતા. ૧૨૦૦ થી અધિક મુમુક્ષુઓ આપણા આદરણીય ગંભીર આદર્શ આત્માર્થી પંડિત શ્રી હિમ્મતલાલભાઈ જે. શાહ દ્વારા પોતાના જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિરસભીના મધુર સ્વરમાં કરવામાં આવેલી ભાવભીની મંડલવિધાનપૂજા તેમજ દેવ-ગુરુભક્તિનો લાભ લેતા હતા. પૂજાની સામગ્રી અને પુસ્તકો આદિની સુંદર વ્યવસ્થાથી બધાને સંપૂર્ણ સંતોષ થતો હતો.

આ મંગલકારી મહોત્સવમાં રોજ પ્રાત: બહેનશ્રીની ઓડિયો-ટેપ દ્વારા ધર્મચર્ચા, સવારે તથા સાંજે અનુક્રમે શ્રી સમયસાર તથા શ્રી બહેનશ્રીનાં વચનામૃત ઉપરના હિન્દી પ્રવચનોમાંથી વિશેષ-વિશેષ ટેપ-પ્રવચનો અને બપોરે બ્ર. ચંદુભાઈ ઝોબાલિયાનું 'બહેનશ્રી ચંપાબહેન-અભિનંદન ગ્રંથ'માંથી બહેનશ્રીના નાની વયના આત્મપ્રાપ્તિની લગનવાળી કેટલાક પત્રો પર શાસ્ત્રવાંચન—આ બધું સાંભળતાં સમાગત ગુજરાતી તેમ જ હિન્દી મહેમાનો અત્યંત પ્રસન્નતા અનુભવતા હતા. રાત્રે ટેપ પછી પૂજ્ય ગુરુદેવશ્રીની સસંઘ યાત્રાની અને પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચાની ભવ્ય વિડિયો દર્શાવવામાં આવતી હતી.

## * શ્રાવણ વદ–બીજ *

આ મહામંગળ દિને પ્રાતઃ ૫–૪૫ વાગે દેવદર્શન પછી, ભવ્ય વિશાળ મંડળમાં ક્રમશઃ 'સદ્‌ગુરુદેવ–સ્તુતિ', આદરણીય પંડિતજી દ્વારા પ્રણિપાત–સ્તુતિ તથા વિડિયો–ટેપ દ્વારા ગુરુ–દિવ્યધ્વનિ, પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય બહેનશ્રીનું માંગલિક અને પૂજ્ય બહેનશ્રી દ્વારા પરમોપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રીના ઉપકાર–મહિમાના સ્મરણ સહિત પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા પ્રરૂપિત અધ્યાત્મ–તત્ત્વજ્ઞાનના રહસ્યને વિશેષ સમજાવતો હિતોપદેશ, ત્યારબાદ ચૌંસઠઋદ્ધિમંડલવિધાનપૂજા અને તેનું સમાપન; મંડપમાં સુસજ્જ મનોહર મંચ ઉપર બિરાજમાન કરેલા ધર્મયુગ સર્જનારા ગુરુકહાનનું સ્ટેચ્યુ સહિત સ્વાનુભૂતિ-માર્ગ–પ્રકાશક ટેપ–પ્રવચન; પ્રવચનમાં પૂજ્ય ગુરુદેવશ્રીના શ્રીમુખેથી પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભવમંડિત આધ્યાત્મિક સાધના તથા ધર્મવિષયક અસાધારણ જાતિસ્મરણજ્ઞાનાદિનું ગંભીર અને મનનીય વર્ણન સાંભળીને શ્રોતાસમૂહ આનંદ વિભોર થઈ ગયો હતો.

ટેપ–પ્રવચન બાદ વિડિયો દ્વારા—પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી મંચ પર પધારી રહ્યા છે, સુશોભિત મંચ ઉપર આવીને, જેમના અનંત ઉપકારોનું વર્ણન કરતાં પોતે કહી થાકતા જ નહીં એવા ઉપકારમૂર્તિ ગુરુ-કહાનને સર્વ પ્રથમ અત્યંત ભક્તિભાવથી વંદના–નમસ્કાર કરીને, પોતાનું સ્થાન ગ્રહણ કરીને, સમસ્ત મુમુક્ષુસમાજના ભક્તિભીના અનુરોધ પર માંગલિક તેમ જ સંક્ષેપમાં પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રીના ઉપકાર–મહિમાના સ્મરણ સહિત સ્વાનુભવરસભીના ગંભીર મંગલ અધ્યાત્મવચન કહી રહ્યા છે—ઇત્યાદિ દર્શાવવામાં આવ્યું હતું.

ત્યારબાદ મંચ પર રાખવામાં આવેલા પ્રશમમૂર્તિ પૂજ્ય ભગવતી માતાના વિશાલ ચિત્રપટ સમક્ષ, તેઓશ્રીને સ્વર્ણરંગિત રજત-મોતીઓ દ્વારા 'વધાવવાનો' આહ્‌લાદક ભવ્ય કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. મુગટધારી ૧૯૧ પરિવાર મોતીયુક્ત મણિજડિત સ્વર્ણિય ડબ્બી અને અન્ય સામગ્રી લઈને 'વધાઈ' માટે ભક્તિગીત ગાતા–ગાતા ક્રમમાં આવી રહેલાં તે ભવ્ય દૃશ્ય અતીવ મનમોહક હતું. અંતમાં ચામરાદિ લઈને અવસરોચિત આનંદોલ્લાસથી નાચનારા ભક્તોની ભક્તિ-આનંદની શું વાત કરવી ? ખરેખર, બધું જ અત્યંત મનોજ્ઞ હતું. વાતાવરણ એવું આનંદોત્પાદક હતું કે જાણે આપણા તારણહાર ઉપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી તેમ જ પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી જાણે અંતરીક્ષમાં ઉપસ્થિત હોય અને પૂજ્ય ગુરુદેવશ્રી સમસ્ત મુમુક્ષુ સમાજને સંબોધિત કરતા હોય કે—'બહેનશ્રી માટે લોકો જેટલું બહુમાન કરે તેટલું ઓછું છે'—એવું લાગતું હતું.

બપોરે બહેનશ્રીના પત્રો પર શાસ્ત્રપ્રવચન, દેવ–ગુરુભક્તિ, સાંજે જિનેન્દ્ર-આરતી, પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન અને અંતમાં બહેનશ્રીની વિડિયો ધર્મચર્ચા—એ રીતનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

—આ રીતે પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની–પુનીત પ્રેરણાથી સાતિશય આનંદોલ્લાસ સહિત પ્રતિવર્ષ ઉજવાતી આ 'બહેનશ્રી જન્મજયંતી'નો મંગલ મહોત્સવ, વર્તમાન કળિકાળને ધર્મકાળમાં પરિવર્તીત કરનાર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રભાવના-ઉદયના મધુર ગુંજારવને વિશેષ આંદોલિત કરતો થકો, સાનંદ સમ્પન્ન થયો હતો.

* આ મંગલકારી મહોત્સવની ખુશાલીમાં "શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાન મંદિર, ધાનેરા" હસ્તે શ્રી ઇન્દ્રવદનભાઈ વી. શાહ તરફથી પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય બહેનશ્રીની પ્રવચન–ચર્ચાની કેસેટમાં ૨૫% ડીસ્કાઉન્ટ રાખવામાં આવ્યું હતું.

આ મંગલ પ્રસંગે શ્રી ચૌંસઠઋદ્ધિમંડલવિધાનપૂજા—

સ્થાયી:—૧. શ્રી કાંતાબહેન અનોપચંદ ખારા, રાંચી
૨. કેટલાક બ્રહ્મચારી બહેનો, સોનગઢ
૩. શ્રી અંજવાળીબેન જગજીવનદાસ દોશી, સાવરકુંડલા
૪. ,, વ્રજલાલ જેઠાલાલ શાહ (હસ્તે જિતુભાઈ), સોનગઢ
૫. ,, જડાવબેન નાનાલાલભાઈ જસાણી–પરિવાર, મુંબઈ
૬. ,, પોપટભાઈ લહેરાભાઈ તેમજ શ્રી ચંપાબેન પોપટલાલ ગોસળીયા, સોનગઢ
૭. ,, નવીનચંદ્ર પોપટલાલ શાહ, બોરીવલી
૮. ,, પુષ્પાબહેન મનસુખલાલ દોશી–પરિવાર, મુંબઈ
૯. ,, જ્યોતિબહેન પ્રવીણચંદ્ર મહેતા,
૧૦. બ્ર. શારદાબેન જયસુખલાલ સંઘાણી, રાજકોટ
૧૧. શ્રી રતીલાલ હરગોવિંદદાસ મોદી (હસ્તે–ચંપાબહેન), સોનગઢ
૧૨. શ્રી જયેશભાઈ દોલતરાય મહેતા (હસ્તે–પુષ્પાબહેન), જામનગર
૧૩. શ્રી અને શ્રીમતી વિનોદરાય કાનજીભાઈ કામદાર–પરિવાર, રાજકોટ

અન્ય પ્રાસંગિક:—૧. શ્રી મનસુખલાલ મયાશંકર શાહ (હસ્તે–છબીલભાઈ), કલકત્તા
૨. શ્રી કલાબેન નંદલાલ પ્રાગજી મહેતા, ઉમરાળા
૩. શ્રી કેશવલાલ કસ્તૂરચંદ તેમજ શ્રી છબલબેન કેશવલાલ શાહ, ભડકવા
૪. ,, કરમણભાઈ નરશીભાઈ શાહ, નાઈરોબી
૫. ,, જ્યોતિબેન મહાસુખભાઈ દોશી (હસ્તે બ્ર. તારાબેન), ઘાટકોપર
૬. ,, સરલાબેન મનુભાઈ ચુડગર (હસ્તે લલિતાબેન મહેતા), મુંબઈ
૭. ,, અનિલભાઈ અનોપચંદ ઉદાણી (હસ્તે–નિર્મળાબેન), પાર્લા–મુંબઈ
૮. ,, લાધીબેન લાલજીભાઈ શાહ (હસ્તે શીતલભાઈ), લંડન
૯. ,, ચીમનભાઈ પ્રેમજીભાઈ ગોસળીયા, અમદાવાદ
૧૦. ,, શારદાબેન રમણીકલાલ શાહ, સુરેન્દ્રનગર

—તરફથી રાખવામાં આવી હતી.

* નીચે જણાવેલ મહાનુભાવો તરફથી સવારનો ચા–નાસ્તો તેમ જ જમણ રાખવામાં આવ્યા હતા :—

**કાયમી જમણ** :—૧. શ્રી હેમકુંવરબેન નરભેરામ કામાણી, જમશેદપુર (રક્ષાબંધન પર્વનું સવારનું જમણ) ૨. શ્રી લલિતાબેન જયસુખલાલ સંઘાણી (હસ્તે બ્ર. શારદાબેન), રાજકોટ (શ્રાવણ વદ–૧ સવારનું) ૩. શ્રી સવિતાબેન વ્રજલાલ ડેલીવાળા પરિવાર, સુરત (શ્રાવણ વદ–૨, સવારનું) તથા—

પ્રાસંગિક :—(તા. ૨૩–૮–૯૧) શ્રી હરિભાઈ પરબતભાઈ પટેલ, સુરત (ચા–નાસ્તો); શ્રી પુષ્પાબહેન મનસુખલાલ દોશી, મુંબઈ તેમ જ શ્રી કાન્તાબેન અનોપચંદ ખારા, રાંચી (સવારનું જમણ); શ્રી ગિરનારીલાલ ધર્મેન્દ્રકુમાર જૈન, શિવપુરી (સાંજનું જમણ);

(તા. ૨૪–૮–૯૧) શ્રી મહાવીરપ્રસાદ આઝાદકુમાર જૈન, શિવપુરી (ચા–નાસ્તો) શ્રી લલિતાબેન વૃજલાલ શાહ, જલગાંવ (સવારનું જમણ); શ્રી ચંપાબેન ઉમરાવપ્રસાદ જૈન (હસ્તે શ્રી પ્રકાશભાઈ તેમ જ શ્રી અમરભાઈ), ખંડવા (સાંજનું જમણ);

(તા. ૨૫–૮–૯૧) શ્રી વિમળાબેન સારાભાઈ શાહ, મુંબઈ (ચા–નાસ્તો); શ્રી શીતલભાઈ મણિલાલ શાહ, લંડન (સવારનું જમણ); શ્રી વિજયાબેન દાતારામ જૈન, કરેરા (સાંજનું જમણ);

(તા. ૨૬–૮–૯૧) શ્રી હીરાલાલ ભીખાલાલ શાહ-પરિવાર, દહેગામ (ચા–નાસ્તો તથા બન્ને વખતનું જમણ);

(તા. ૨૭–૮–૯૧) શ્રી કૈલાશચંદ્ર, સુમેરચંદ તેમ જ સુભાષચંદ્ર—સુપુત્ર શ્રી સીતાબચંદ્રજી જૈન-પરિવાર, ખંડવા (ચા–નાસ્તો); શ્રી સુરેશભાઈની દસમી પુણ્યતિથિ નિમિત્તે શ્રી કરમણભાઈ નરશીભાઈ શાહ અને શ્રીમતી ગંગાબેન કરમણભાઈ તથા પરિવાર, નાઈરોબી (સવારનું જમણ); શ્રી વ્રજલાલ જેઠાલાલ શાહ હસ્તે : શ્રી જિતુભાઈ, સોનગઢ (સાંજનું જમણ).

* ગુજરાતી તેમ જ હિન્દી આત્મધર્મના વાર્ષિક લવાજમમાં રૂા. ૪=૦૦નું ડીસ્કાઉન્ટ શ્રી ત્રિવેણીબેન કેશવલાલ કોઠારી, મુંબઈ તરફથી રાખવામાં આવ્યું હતું. તેમ જ આજીવનસભ્ય-ફીમાં રૂા. ૨૬–નું ડીસ્કાઉન્ટ શ્રી ડૉ. જમનભાઈ મહેતા ઉદયપુર તરફથી રાખવામાં આવ્યું હતું.

* પુસ્તકોની કિંમતમાં ૧૦% શ્રી કાન્તિલાલ અમીચંદભાઈ કામદાર–પરિવાર, મદ્રાસ તરફથી; ૧૦% શ્રી ડૉ. જમનભાઈ મહેતા, ઉદયપુર તરફથી; ૧૦% શ્રી કળાબેન હસમુખલાલ પોપટલાલ વોરા, મુંબઈ તરફથી; ૧૦% શ્રી ખાદીવાળા–પરિવાર, ભાવનગર તરફથી; ૧૦% શ્રી સપાણી–પરિવાર, હૈદરાબાદ–મદ્રાસ તરફથી ડીસ્કાઉન્ટ રાખવામાં આવતા રૂા. ૬૦,૦૦૦ના સતશાસ્ત્રનું વેચાણ થયું હતું.

* આ મહોત્સવમાં કુલ રૂા ૫,૫૪,૯૩૬–૦૦ની દાનરાશિ સંસ્થાને પ્રાપ્ત થઈ હતી.

* આ મહોત્સવના ઉપલક્ષમાં રૂા. ૧,૦૧,૫૫૫/– શ્રી કરમણભાઈ નરશીભાઈ, શ્રીમતી ગંગાબહેન કરમણભાઈ (હસ્તે ચીમનભાઈ, સુધીરભાઈ, વિજયભાઈ, કમલભાઈ અને અતુલભાઈ) નાઇરોબી તરફથી નીચે મુજબ જાહેર થયા હતા.—

રૂા. ૫૦,૦૦૦ શાસ્ત્રપ્રકાશન ખાતે સ્વ. નરશીભાઈ જેઠાભાઈ (પિતાજી), સ્વ. લાધીબેન (માતાજી), સ્વ. વીરપારભાઈ નરશીભાઈ (ભાઈ) તથા સ્વ. સુરેશચંદ્ર કરમણભાઈ (પુત્ર)ની પુણ્યસ્મૃતિ નિમિત્તે.

રૂા. ૩૦,૦૧૫ ભોજનાલયમાં ૧૫ કાયમી ભોજનતિથિ માટે નીચે પ્રમાણે—

૧. શ્રી નરશીભાઈ જેઠાભાઈ શાહ. ૨. શ્રી લાધીબેન નરશીભાઈ શાહ, ૩. શ્રી કરમણભાઈ જેઠાભાઈ શાહ, ૪. શ્રી વીરપારભાઈ નરશીભાઈ શાહ, ૫. સ્વ. કનકાબેન નાથાભાઈ ગોસરાણી, ૬. શ્રી લીલાબેન રમણભાઈ માલદે, ૭. સ્વ. પદ્માબેન દેવરાજભાઇ રાલેયા, ૮. શ્રી સુરેશચંદ્ર કરમણભાઇ શાહ, ૯. શ્રી કરમણભાઇ નરશીભાઇ શાહ, ૧૦. શ્રીમતી ગંગાબેન કરમણભાઇ શાહ, ૧૧. શ્રીમતી કાંતાબેન અને શ્રી ચીમનલાલ કરમણભાઇ શાહ. ૧૨. શ્રીમતી હર્ષદાબેન અને શ્રી સુધીરભાઇ કરમણભાઈ શાહ, ૧૩. શ્રીમતી જ્યોતિબેન અને શ્રી વિજય કરમણભાઈ શાહ. ૧૪. શ્રીમતી કાશ્મીનાબેન અને શ્રી કમલ કરમણભાઈ શાહ અને ૧૫. શ્રીમતી રસીલાબેન અને શ્રી અતુલ કરમણભાઈ શાહ

રૂા. ૧૫૦૦૦ બહેનશ્રીની જન્મજયંતીના દિવસે સવારના જમણ માટે રૂા. ૫૫૪૦ બહેનશ્રી સમાધિમંદિર ખાતે રૂા. ૧૦૦૦ બહેનશ્રી જન્મજયંતીમાં ચૌંસઠઋદ્ધિમંડલપૂજા ખાતે —સ્વ. સુરેશચંદ્રની ૧૦મી પુણ્ય–તિથિ નિમિત્તે.

—૦—

## પંડિત શ્રી ફૂલચંદજી સિદ્ધાંતાચાર્યનો દુઃખદ સ્વર્ગવાસ

આપણા દિગંબર જૈન સમાજના સુપ્રસિદ્ધ વિદ્વાન, અનેક આગમોના અનુવાદક, વયોવૃદ્ધ પંડિત શ્રી ફૂલચંદજી સિદ્ધાંત–આચાર્યનો સ્વર્ગવાસ તા. ૩૧–૮–૯૧ના રોજ થયો છે. પંડિતજીએ જિનવાણીની બહુ સેવા કરવા ઉપરાંત પોતાના જીવનમાં સમાજ-સેવાના પણ અનેક કાર્યો કર્યા હતા. પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના સતસમાગમમાં આવતાં, પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલાં અધ્યાત્મ–તત્ત્વજ્ઞાનથી અત્યંત પ્રભાવિત થનારા દિગંબર પંડિતોમાં તેઓ સૌથી પહેલાં પંડિત હતા; ત્યારબાદ તેઓએ અનેકવાર સોનગઢ આવીને થોડો સમય રોકાઈને ઘણો લાભ લીધો હતો અને તેથી તેમના લેખનકાર્યમાં અધ્યાત્મનું અતિ વૃદ્ધિગત થયું હતું. 'ખાનિયા–તત્ત્વચર્ચા' તેમના જીવનનો એક ચિર–સ્મરણીય પ્રસંગ હતો. જેની પૂજ્ય ગુરુદેવશ્રીએ પણ પ્રશંસા કરી હતી. 'જૈનતત્ત્વમીમાંસા' ગ્રંથનું લેખન પણ તેમનું એક વિશેષ કાર્ય હતું. સ્વર્ગસ્થ આત્મા શીઘ્ર આત્મોન્નતિ પામે એ જ પ્રાર્થના.

—*—

## વૈરાગ્ય સમાચાર :—

* મલાડનિવાસી શ્રી મુગટલાલ ગોકળદાસ દોશી તા. ૨૩–૬–૯૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* સુરેન્દ્રનગરનિવાસી (હાલ–મલાડ) શ્રી અમૃતલાલ લાલચંદ શેઠ તા. ૫–૭–૯૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* ગોંડલનિવાસી શ્રી જેઠાલાલ આર. પટોળીયા (વર્ષ–૮૬) તા. ૧૫–૭–૯૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* સાવરકુંડલાનિવાસી શ્રી મગનલાલ પોપટલાલ કામદાર (વર્ષ–૮૨) તા. ૧–૮–૯૧ ના રોજ પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ–પ્રવચન સાંભળતાં–સાંભળતાં જાગૃતિપૂર્વક, શાંત પરિણામથી સ્વર્ગવાસ પામેલ છે. તેઓ છેલ્લા ૪૦ વર્ષથી સોનગઢ આવીને પૂજ્ય ગુરુદેવશ્રીની અમૃતવાણીનો લાભ લેતાં હતા.

* અમદાવાદનિવાસી શ્રીમતી સજ્જનદેવી માણેકચંદ મહેતા તા. ૫–૮–૯૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* વાંકાનેરનિવાસી શ્રીમતી સમરતબેન રેવાશંકર શેઠ (વર્ષ–૮૨) તા. ૬–૮–૯૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* લીંબડીનિવાસી શ્રી કોઠારી પોપટલાલ પરસોત્તમદાસ "ભગત" (વર્ષ–૯૯) તા. ૯–૮–૯૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ પૂજ્ય ગુરુદેવશ્રીના બહુ જૂના અનુયાયી હતા.

* અમદાવાદનિવાસી (લખતરના રહીશ) શ્રી હરિલાલ શીવલાલ દોશી (વર્ષ–૭૪) તા. ૧૧–૮–૯૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ ખાડીયા–અમદાવાદ મુમુક્ષુ-મંડળના ટ્રસ્ટી હતા. તત્ત્વની ઘણી રુચિ હતી. વારંવાર સોનગઢ આવીને લાભ લેતાં હતા.

* સોનગઢનિવાસી શ્રી મનહરલાલ મગનલાલ પારેખ (વર્ષ–૫૮) તા. ૧૬–૮–૯૧ ના રોજ પ્લેન–હોનારતમાં સ્વર્ગવાસ પામ્યા છે તેઓ વર્ષોથી સોનગઢમાં પોતાનું નિવાસ સ્થાન બનાવીને ઘણો જ લાભ લેતા હતા. તત્ત્વનો અભ્યાસ તથા રુચિ ઘણી હતી.

—સ્વર્ગસ્થ આત્માઓને વીતરાગ દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે તેમ જ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય ભગવતી માતા પ્રત્યે અત્યંત ભક્તિભાવ હતો. તેઓ વીતરાગી ધર્મના શરણમાં આત્મોન્નતિ પામો એ જ ભાવના.

—*—

[ મંગલ હૃદયોદ્‌ગાર......ટાઇટલ બેથી ચાલુ ]

પૂ૦ માતાજી : હિંમતભાઈની આત્માર્થિતા તે તો સાચી આત્માર્થિતા છે. બપોરે વાત નીકળી હતી. હિંમતભાઈની એ આત્માર્થિતા તે આદર્શ આત્માર્થિતા છે. નાનપણથી સત્યશોધક ને વૈરાગી; બહુ ઘણું છે; શું કહેવું ? આદર્શતા ! એમની આત્માર્થિતા આદર્શ આત્માર્થિતા છે. ગુરુદેવની બહુ કૃપા, ગુરુદેવના કૃપાપાત્ર છે.

*

તા. ૧૦-૨-૮૭

ચિમનભાઈ : આ વ્યક્તિ જ (પં૦ હિંમતભાઈ) કોઈ અલૌકિક ને જુદી જ છે એમ અંદરમાં થયા કરે છે.

પૂ૦ માતાજી : ...તમે બધા સમજી શકો છો, મારે કહેવું તેના કરતાં તમે સ્વયં સમજી શકો છો. હું પહેલાં તો કોઈને કહેતી નહોતી. તમે સ્વયં સમજી લો તે વધારે સરસ. ...... ભાઈનું શું કહેવું ? ......(અપૂર્ણ)

ચિમનભાઈ : ભાઈના નાતે નહિ, પણ શાસનની એક વ્યક્તિ તરીકે—માર્ગની એક વ્યક્તિ છે એના તરીકે—તો કહો.

પૂ૦ માતાજી : —ઊંડા આદર્શ આત્માર્થી તરીકે છે. અત્યારે તો, બીજું તો હું કાંઈ વધારે કહેતી નથી. ......ગુરુદેવને (બીજાનું) પસંદ નહોતું પડતું, હિંમતભાઈ કહે તે જ બરાબર; 'નિકટ મોક્ષગામી છે', (તાળીઓ પડે છે)—(એવું ગુરુદેવે કહ્યું હતું) સમયસાર બહાર પડ્યું ત્યારે.

પૂ૦ માતાજી : (હિંમતભાઈ) નોકરી કરતા ત્યારેય ગુરુદેવ કહેતા કે—શું કરીએ ? આ તો નોકરી કરે છે, નહીંતર (અમે) એમને અહીં રાખી લઈએ, બેસાડી દઈએ, જવા જ ન દઈએ.

ચિમનભાઈ : (પંડિતજીએ) ભવભયથી ડરતાં ડરતાં અનુવાદો કર્યા છે.

પૂ૦ માતાજી : આચાર્યોના ભાવો જળવાઈ રહે ને ગુરુદેવનો શો આશય છે તે બધું જાળવીને......વિચારપૂર્વક...

ચિમનભાઈ : જ્યાં ન ખ્યાલ આવે તો તરત જ કહી દે કે 'મેં વિચાર્યું નથી', કોઈની જેમ વધારીને......

પૂ૦ માતાજી : (હિંમતભાઈ) બધું—વિચાર કરીને, તોળીને જ—નક્કી કરતા હતા. જે સાચું હોય તે જ ગ્રહણ કરવું એવું એમને પહેલેથી જ હતું. બધા—શાસ્ત્રોનાં અને ગુરુદેવનાં કથનોના—ખુલાસા કરે.

મયાભાઈ : ગુરુદેવે જે શબ્દો કીધા તેનો આશય શો છે? શબ્દો નહીં પકડવાના, આશય—ખરો આશય, યથાર્થ આશય શો છે?

પૂ૦ માતાજી : ક્ષયોપશમ આત્મા માટે કામ કરે તે પ્રયોજનભૂત છે. ગુરુદેવને કોઈનું પસંદ નહોતું પડતું; એમનું (હિંમતભાઈનું) કરેલું પસંદ પડતું. કાંઈક સિદ્ધાંતનું કે બીજું કાંઈક નક્કી કરવું હોય તો, હિંમતભાઈ કહે તે જ પસંદ પડતું. એ (હિંમતભાઈ) તો ઊંડા છે, એમની તો......, ઊંડા આદર્શ આત્માર્થી છે. (એમની) વાત જુદી જ છે. એમનો ક્ષયોપશમ આત્મા તરફ કામ કરે છે. એ (તો) ઊંડા આદર્શ આત્માર્થી (છે). આવા આત્માર્થી ગોતવા મુશ્કેલ પડે છે.

શાંતાબેન ધીયા : આ કાળમાં ન મળે, બેન!

પૂ૦ માતાજી : એમને......આત્મા માટે. કોઈ જાતની સ્પૃહા, કોઈ જાતનું બહાર પડવાનું, કોઈને કહેવાનું કે કોઈ જાતનું પ્રયોજન એમને હોતું નથી. જે કરે તે આત્મા માટે. એટલી નમ્રતા ને એટલી ઉદાસીનતા, ને પાછું ક્ષયોપશમથી બધાને સમજાવે (તોપણ એ બધું) આત્મા માટે. એમનું પ્રયોજન આત્મા માટે છે.

શાંતાબેન ધીયા : ગુજરાતી (સમયસાર) પર વાંચન કરતા ત્યારે ગુરુદેવને પ્રમોદ એંાર (અસાધારણ) આવતો.

પૂ૦ માતાજી : ગુરુદેવ કહેતા—'ઈ અમારા મૂંગા પંડિત બોલશે જ નહિ જલદી'. સંસ્કૃત ઉપરથી બધું વિચારીને...... ગુરુદેવ શું કહે છે તે બરાબર (વિચારીને)....... ગુરુદેવને એમનું પસંદ પડતું. કોઈ ગમે તે કહે, તો કહે કે—હિંમતભાઈ શું કહે છે?

રસિકભાઈ : અમારા પંડિતજી શું કહે છે?

પૂ૦ માતાજી : હા, એમ; 'છેલ્લું—ટોટલ એ શું કહે છે?'—એમ જ કહેતા.

*

તા. ૨૦–૨–૮૭

હીરાભાઈ : આત્માર્થિતાના ગુણો સાથે એમનામાં (પં૦ હિંમતભાઈમાં) વિશેષતા આ છે કે (તે) જેટલા નરમ છે એટલા જ કડક (પણ) છે (સિદ્ધાંત બાબત).

રસિકભાઈ : સિદ્ધાન્તને વળગીને રહે.

પૂ૦ માતાજી : મૂળ સિદ્ધાન્તને વળગીને રહે. ...સ્વાનુભૂતિની એટલી મહિમા!...... પૂજ્ય ગુરુદેવને કેટલાય પ્રશ્નો પૂછતા.

રસિકભાઈ : તેમનાં હરિગીત તો હરિગીત જ છે. કુંદકુંદાચાર્યદેવના ભાવ ભર્યા છે અંદર હરિગીતોમાં !

પૂ૦ માતાજી : ગાથાઓ ઉપરથી.... બરાબર એના ભાવ જળવાઈ રહે એવી રીતે...અને પાછા ગંભીરતાવાળા શબ્દ. કોઈ સાધારણ એમ ને એમ કરી નાખે—એમ નહિ. ...બધાં હરિગીતમાં ગંભીરતા !...સંસ્કૃત ટીકાઓ...અમૃતચંદ્રાચાર્યની તો શી વાત કરવી ! પણ ગુજરાતી (હરિગીતમાં) પણ ગાથાઓના ભાવ જળવાઈ રહ્યા છે.

હીરાભાઈ : શાસ્ત્રોના અનુવાદ તો, માતાજી ! જેવો શાસ્ત્રોને અડીને (પંડિતજીએ) કર્યો એવો બીજા કોઈએ કર્યો નથી. આટલો સુંદર, આટલો સરસ અનુવાદ ને એટલાં જ સરસ હરિગીતો !

રસિકભાઈ : ગુરુદેવનો આશય અમને પંડિતજી બતાવે કે 'એમાં (ગુરુદેવને) આ કહેવું (છે), આ અપેક્ષાથી આમ કહ્યું છે' એમ લાગે છે. 'એમનો (ગુરુદેવનો) કહેવાનો આશય આ છે' એવું એમના (પંડિતજીના) પાસેથી જાણવા મળે...

હીરાભાઈ : પંડિતજી ન હોય તો, ગુરુદેવ ઘરેથી બોલાવે.

પૂ૦ માતાજી : હા, ઘરેથી બોલાવે.

હીરાભાઈ : પંડિતજીના વચનની પ્રમાણિકતા ગુરુદેવને ઘણી.

પૂ૦ માતાજી : એ બધું તોળીને બોલતા. ગુરુદેવ ઉપર એમને એટલી ભક્તિ ..! ગુરુદેવનુંયે હૃદય હોય કે હિંમતભાઈ આનો શો અર્થ કરે છે.

હીરાભાઈ : હા જી.

રસિકભાઈ : આટલાં વર્ષો થઈ ગયાં પણ સંસ્કૃતના અનુવાદમાં કાનો-માત્રા કોઈએ હલાવ્યું (ફેરવ્યું) નથી એમાંથી—ગુજરાતી તરજુમામાંથી.

પૂ૦ માતાજી : કોઈ કાઢી શક્યું નહિ; એમાંથી કોક કાંઈ કાઢવા જાય તો કંઈ નીકળે એવું નથી.

રસિકભાઈ : આમાંથી કોઈ, શબ્દનો ફેરફાર કરી શક્યું નથી.

હીરાભાઈ : નાની ઉંમરે આટલાં મહાન શાસ્ત્રોનો અનુવાદ આ રીતે કર્યો, એનું શું કહેવું !

રસિકભાઈ : હરિગીતોએ તો કમાલ કરી છે; જૈન સમાજ ઉપર પંડિતજીનો ઘ
ઉપકાર છે.

પૂ૦ માતાજી : બધો માર્ગ ગુરુદેવે બતાવ્યો છે.

રસિકભાઈ : 'અષ્ટપાહુડ'નાં હરિગીત બનાવ્યાં છે તે અજોડ છે.

*

તા. ૧-૯-

શ્રી હસમુખભાઈ વોરા (ટ્રસ્ટના પ્રમુખ) : માતાજી! અહીં તો બહુ જ શાન્તિ લા
છે. બધા પોતપોતામાં પડ્યા હોય......

પૂ૦ માતાજી : ઘણા કહે છે કે અહીં તો બહુ જ શાન્તિ છે.

જયકુમારજી (દિલ્હી) : માતાજી! પંડિતજી વિષે કંઈક કહો ને.

પૂ૦ માતાજી : (પં૦ હિંમતભાઈ સામું જોઈને) ગુરુદેવ તમને કહેતા હતા ને કે અ
અહીં જ રહી જાઓ. હીરાભાઈના બંગલામાં એવી જાતનું કહેતા હતા.....

હસમુખભાઈ વોરા : (સુરતથી) પંડિતજી આવે ત્યારે (હીરાભાઈના બંગલામાં
ગુરુદેવ બહુ ખુશ થાય—એવી, મોટા મામા (શ્રી વ્રજલાલભાઈ) વાત કરતા હતા

હીરાભાઈ : ગુરુદેવમાં પરીક્ષક બુદ્ધિ તો ઘણી હતી, એટલે સામે એવી વ્યક્તિ જુ
તો ઉમંગ આવે. જેમના નિમિત્તે શાસનને લાભનું કારણ થાય એવી વ્યક્તિ
ગુરુદેવને હૃદયથી પ્રેમ હતો.

પૂ૦ માતાજી : એ (હિંમતભાઈ) તો પહેલેથી જ આવા હતા. સત્યની શોધ કરે. એમ
આત્માર્થીપણું જુદું જ હતું. જે કંઈ કરવું હોય તે આત્માને માટે જ કરવું
આ ભવમાં આત્માનું કરી લેવું છે;—(એવી ભાવના એમને રહ્યા કરે છે.
સત્પુરુષને ગોતવા માટે પ્રયત્ન કરતા. સાચી અનુભૂતિ કોને છે તે બધું ન
કરવા માટે બહુ પ્રયત્ન કરતા. 'શ્રીમદ્' વાંચતા.

હીરાભાઈ : પંડિતજીમાં ખાસ આ તો ખૂબી છે કે જાણતા હોય તોપણ પહેલી વખ
તો 'મને કાંઈ ખબર નથી' એમ કહીને ટાળી દેશે; પછી બીજી ત્રીજી વખ
(કહીએ કે) 'પંડિતજી! અમારે સમજવું છે આપની પાસેથી', ત્યારે કંઈક બોલે
ગમે તેટલા બીજા આડેઅવળે ઊભા રહે, પણ તેમનું (પંડિતજીનું) સ્વીકાર
જ પડે; ન્યાયપૂર્વક તોળીતોળીને શબ્દો નીકળે.

[અનુસંધાન માટે જુઓ સામે પાને]

પૂ૦ માતાજી : તોળીતોળીને બોલે. ગુરુદેવના પ્રતાપે બધું છે.

*

તા. ૪-૧૨-૮૩

પૂ૦ માતાજી : હિંમતભાઈ તો ઘણાં વર્ષોથી નિવૃત્તિ લઈને ગુરુદેવનાં ચરણોમાં આવ્યા છે. હિંમતભાઈની તો વાત જ શી? વૈરાગી, વિચારક ને તત્ત્વની ઊંડપ; ઊંડું શોધન કરનારા. એક આત્માના પ્રયોજન વિના...કાંઈ નહિ.

અનુવાદો ગુજરાતીમાં ને હરિગીતો ગુજરાતીમાં, ગંભીર ભાષામાં બહુ સરસ કરેલ છે. તે બધો પ્રતાપ ગુરુદેવનો છે. ગુરુદેવના પ્રતાપે બધું સહેલું પડ્યું—બધાના અર્થ ઊકેલવા સહેલા પડ્યા. બધું ગુરુદેવના પ્રતાપે જ.

એ હિંમતભાઈ તો સત્યશોધક છે. એમની વિશાળ બુદ્ધિ અને તત્ત્વ સમજાવવાની શક્તિ કોઈ જુદી છે. સત્યના શોધક હોવાથી એમને ગુરુદેવ મળ્યા, તો ગુરુદેવ ઉપર પણ અપાર ભક્તિ હતી. આવો સ્વાનુભૂતિનો માર્ગ બતાવનાર ગુરુદેવ મળ્યા; અને સ્વાનુભૂતિ કોઈ અપૂર્વ ચીજ છે—એ ગુરુદેવે બતાવ્યું, એટલે ગુરુદેવ ઉપર પણ એમને અપૂર્વ ભક્તિ છે; અને ગુરુદેવના (તે) કૃપાપાત્ર છે. ગુરુદેવ એમને 'નિકટ મોક્ષગામી' કહેતા હતા. હિંમતભાઈ તો પૂર્વના સંસ્કારી છે; અને એમનો આત્મા તો.... સ્વરૂપસન્મુખ એમની પરિણતિ છે. સમ્યક્ત્વસન્મુખ એમની પરિણતિ છે. આ બધો પ્રતાપ ગુરુદેવનો છે. ગુરુદેવ આ પંચમ કાળમાં અદ્‌ભુત આશ્ચર્યકારી મળ્યા. એમને લઈને કેટલાય જીવો તૈયાર થઈ ગયા છે. આ અદ્‌ભુત આશ્ચર્યકારી ગુરુદેવનું દ્રવ્ય અપૂર્વ અને શુદ્ધાત્માનું સ્વરૂપ બતાવનારું હતું. એમની વાણી કોઈ અપૂર્વ છે! ગુરુદેવની શી વાત કરવી? ગુરુદેવનો તો અપાર અપાર ઉપકાર છે.

# 卐 તું વિશ્વાસ લાવ ! 卐

ભાઈ! તું વિશ્વાસ લાવ! કે—મારા સ્વભાવના આનંદ આગળ બધી પ્રતિકૂળતા અને આખી દુનિયા ભૂલાઈ જાય એવી અદ્‌ભુત વસ્તુ હું છું; હું વર્તમાનમાં પરમાત્મા જ છું, મારે અને પરમાત્માને કાંઈ ફેર નથી—એમ વિશ્વાસ આવતાં ફેર છૂટી જશે ને પર્યાયમાં પરમાત્મા પ્રગટ થઈ જશે. —પૂજ્ય ગુરુદેવ

---

દોષ ન ગહિયો કોય. ગુણ ગહ પઢિયે ભાવસોં,
ભૂલચૂક જો હોય, અર્થ વિચારી જુ શોધિયો.

જાણ્યે-અજાણ્યે જે કાંઈ અપરાધ થયા હોય તે સર્વની આત્મધર્મ-પરિવાર ક્ષમા માગે છે. —સંપાદક

---

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪૨૫૦

If undelivered please return to :-
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH–364 250 (INDIA)

Licence No. 21 'Licensed to post without prepayment'

મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ

આજીવન સભ્ય ફી : ૧૦૧/-
વાર્ષિક લવાજમ : રૂ. ૯/-